પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૩૦ • કુલ પાના : ૪ • તારીખ : ૨૪-૦૯-૨૦૨૨ શનિવાર • કિંમત રૂા.૧.૫૦/-


આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## NIAના દરોડા બાદ PFI ઉગ્ર બન્યું, કેરલમાં તોડફોડ બાદ બંધનું એલાન : ભાજપની ઓફિસ તોડી નાખી





તિરૂવનંતપુર,

કેરલઃ પોપ્યુલર ફ્રંટ ઓફ ઈંડિયા (પીએફઆઈ)એ એનઆઈએની આગેવાનીમાં ગુરુવારે કેટલીય એજન્સીઓ તરફથી તેમની ઓફિસો, નેતાઓના ઘરો અને અન્ય જગ્યાઓ પર દરોડા પાડ્યા હતા, જેના વિરોધમાં આજે ૨૩ સપ્ટેમ્બરે હડતાળનું આહ્વાન કરવામાં આવ્યું હતું આ દરમિયાન કેરલના તિરુવનંતપુરમમાં એક કાર અને ઓટો રિક્ષામાં તોડફોડ કરવામાં આવી હતી. તો વળી તમિલનાડૂના કોયંબટૂરમાં સભ્યોની ધરપકડ બાદ પીએફઆઈએ હિંસક પ્રદર્શન કર્યું છે. આ દરમિયાન બીજેપીની ઓફિસ પર પણ હુમલો કર્યો હતો.

બીજેપી કાર્યકર્તાઓનો આરોપ છે કે, તેમના કાર્યાલય પર પેટ્રોલ બોમ્બ ફેંકવામાં આવ્યા. આ સમગ્ર ઘટના બાદ ભાજપ ઓફિસ બહાર પોલીસ ફોર્સ તૈનાત કરી દેવામાં આવી છે. એનઆઈએ અને ઈડી તરફથી કરવામાં આવેલા આ દરોડા પીએફઆઈ તરફથી દેશમાં આતંકી ગતિવિધિઓને કથિત રીતે સમર્થન કરવા મામલે પાડ્યા છે.પીએફઆઈએ અહીં એક નિવેદનમાં કહ્યું કે, કેન્દ્રીય એજન્સીઓની કાર્યવાહીના વિરોધમાં કેરલમાં હડતાલનું આહ્વાન કરવામાં આવ્યું છે. નિવેદનમાં કહેવાયુ છે કે, તેમની રાજ્ય સમિતિએ અનુભવ્યું છે કે, સંગઠનના નેતાઓની ધરપકડથી પ્રાયોજીત આતંકવાદનો ભાગ હતો. પીએફઆઈના પ્રદેશ મહાસચિવ તથા અબ્દુલ સત્તારે કહ્યું કે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નિયંત્રણવાળી ફાસીવાદ સરકાર દ્વારા કેન્દ્રીય એજન્સીઓનો ઉપયોગ કરીને અસહમતીનો અવાજ દબાવાનો પ્રયાસ વિરુદ્ધ રાજ્યમાં હડતાળ ચાલુ રહેશે.એક સૂત્રએ અહીં જણાવ્યું હતું કે તિરુવનંતપુરમ, કોલ્લમ, કોટ્ટાયમ, એર્નાકુલમ અને થ્રિસુર સહિત લગભગ તમામ જિલ્લાઓમાં વિરોધ માર્ચ કાઢવામાં આવી હતી. આ માર્ચમાં મોટી સંખ્યામાં પીએફઆઈના સમર્થકો જોડાયા હતાં અને દરોડાની વિરૂધ્ધ સુત્રોચ્ચાર કર્યા હતાં કેટલાક સ્થળોએ ચક્કાજામ કરવામાં આવ્યા હતાં તો બળજબરીથી દુકાનો સંસ્થાનોને બંધ કરાવવામાં આવી હતી. રસ્તાઓ ઉપર ટાયર સળગાવવામાં આવ્યા હતાં. વાહનોને અટકાવવામાં આવ્યા હતાં.

કોટ્ટાયમમાં બંધને સમર્થન આપી રહેલા લોકોએ પથ્થરમારો કરીને એક ઓટો રિક્ષા અને કારને નુકસાન પહોંચાડ્યું હતું. કેરળ સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસમાં આતંકવાદીઓ દ્વારા અલુવા નજીક કંપનીપાડીમાં તોડફોડ કરવામાં આવી હતી. કેરળ બંધ દરમિયાન, કોલ્લમ જિલ્લામાં પલ્લીમુક્કુ ખાતે બાઈક સવારો પીએફઆઈ સમર્થકો દ્વારા બે પોલીસકર્મીઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. કેરળ બંધને ધ્યાનમાં રાખીને પોલીસે રાજ્યમાં કડક સુરક્ષા વ્યવસ્થા કરી છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા જિલ્લા પોલીસ વડાઓને સૂચનાઓ આપવામાં આવી હતી.

ભાજપના કેરળ એકમના પ્રમુખ કે સુરેન્દ્રએ આક્ષેપ કર્યો હતો કે અગાઉ પણ પીએફઆઈ દ્વારા બોલાવવામાં આવેલી તમામ હડતાલ દરમિયાન ઉપદ્રવ અને હિંસા થઈ હતી. રાજ્ય સરકારે લોકોના જાન-માલનું પૂરતું રક્ષણ સુનિશ્ચિત કરવું જોઈએ. પીએફઆઈ મસલ પાવર દ્વારા આતંકવાદના મામલાને ટાળવાનો પ્રયાસ કરી રહી છે. તમિલનાડુના કોઈમ્બતુરમાં બીજેપી ઓફિસ પર હુમલો થયો છે. અહીં ભાજપ કાર્યાલય પર અજાણ્યા શખ્સોએ જ્વલનશીલ સામગ્રીથી ભરેલી બોટલ ફેંકી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ઘટના બાદ ગુસ્સે ભરાયેલા બીજેપી કાર્યકર્તાઓએ ઉગ્ર પ્રદર્શન કર્યું, ત્યારબાદ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ચાર્જ સંભાળ્યો હતો ભાજપ કેરલ કમિટિએ પીએફઆઈની કેરલમાં પ્રસ્તાવિત હડતાલને બિનજરુરી ગણાવી અને રાજ્ય સરકાર પાસેથી તેના વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાનો આગ્રહ કર્યો છે.રાજ્યની ડાબેરી સરકાર વોટ બેંક પર નજર રાખીને પીએફઆઇ પ્રત્યે નરમ અભિગમ બતાવી રહી છે. આ મામલાની સંજ્ઞાન લેતા હાઈકોર્ટે સંગઠનના નેતાઓ સામે કેસ દાખલ કર્યો હતો. કેરળ હાઈકોર્ટના અગાઉના આદેશ અનુસાર રાજ્યમાં પરવાનગી વિના કોઈ બંધનું આયોજન કરી શકાતું નથી. બંધ વિરુદ્ધના કેસની સુનાવણી કરતી વખતે, હાઈકોર્ટે કેરળ પોલીસને આદેશ આપ્યો કે તેઓ બંધને સમર્થન ન આપતા નાગરિકો અને સરકારી મિલકતોની સુરક્ષા માટે પૂરતી વ્યવસ્થા કરે.

૧૫ રાજ્યોમાં ૯૩ સ્થળોએ દરોડા પાડ્યા. કેરળ-૩૯, તમિલનાડુ-૧૬, કર્ણાટક-૧૨, આંધ્ર પ્રદેશ-૭, તેલંગાણા-૧, ઉત્તર પ્રદેશ-૨, રાજસ્થાન-૪, દિલ્હી-૨, આસામ-૧, મધ્ય પ્રદેશ-૧, મહારાષ્ટ્ર-૪, ગોવા- ૧, પશ્ચિમ બંગાળ-૧, બિહાર-૧ અને મણિપુરમાં ૧ જગ્યાએ દરોડા પાડવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર સર્ચ ઓપરેશનમાં લગભગ ૩૦૦ એનઆઈએ અધિકારીઓ સામેલ હતા.એનઆઈએ ડીજીએ ઓપરેશનની દેખરેખ રાખી હતી. ૨૦૧૦-૧૧ પહેલા પીએફઆઈ કેસમાં કુલ ૪૬ આરોપીઓને દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને પીએફઆઈ સામેના કેસોમાં ૩૫૫ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. કેરળમાં સૌથી વધુ ૨૨ પીએફઆઈ કાર્યકરોની ધરપકડ કરવામાં આવી છે. તેમાં સંસ્થાના પ્રમુખ ઓએમએ સલામ પણ છે.

## સહાય ન મળતા પાંજરાપોળના સંચાલકોએ ગાયો રસ્તા પર છોડી દીધી, ટ્રાફિક જામ



પાલનપુર,

ગુજરાત સરકાર દ્વારા બજેટમાં ગૌશાળાઓ અને પાંજરાપોળ માટે ૫૦૦ કરોડની સહાયની જાહેરાત કર્યા બાદ આજદિન સુધી સહાય ન ચૂકવતા ગુજરાતની ૧૪૦૦ જેટલી ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકોએ સરકાર સમક્ષ આંદોલન છેડયું છે. ગૌશાળાના સંચાલકો અને સાધુ સંતોએ અનેક વાર આવેદનપત્રો, રેલીઓ, ધરણાં પ્રદશન કર્યા બાદ અનેક ગૌપ્રેમીઓ અને સંતો ઉપવાસ આંદોલન ઉપર ઉતર્યા બાદ પણ સરકાર ગૌશાળાના સંચાલકો તરફ ધ્યાન ન આપતા ગઈકાલે ગૌશાળાના સંચાલકોએ સરકારને સહાય ચૂકવવા માટે ૨૪ કલાકનું અલટીમેટ આપ્યું હતું. જે પૂરું થવા છતાં પણ સરકાર દ્વારા કોઈ જ નિર્ણય ન કરાતાં આજે બનાસકાંઠાની ૧૮૦ ગૌશાળા અને પાંજરાપોળના ૮૦ હજાર પશુઓને ગૌશાળાના સંચાલકોએ રોડ પર છોડી દેતા પોલીસ દોડતી થઈ હતી. તો બપોર બાદ આ વિરોધ પ્રદર્શન હિંસક બન્યુ હતું. ડીસાના એલિવેટેડ બ્રિજ ઉપર ટાયરો સળગાવ્યા હતા. ટાયરો સળગાવી ડીસા-રાધનપુર હાઈવેનો એક માર્ગ બંધ કરાયો હતો. આ કારણે એલિવેટેડ બ્રિજ ઉપર ટ્રાફિક જામના દ્રષ્યો સર્જાયા હતા.

ડીસા હાઈવે પર ટાયર ગૌશાળાના સંચાલકોએ ટાયર સળગાવીને વિરોધ કર્યો હતો. ટાયરો સળગાવી ડીસા-રાધનપુર હાઈવેનો એક માર્ગ બંધ કરાયો હતો. ગૌશાળા-પાંજરાપોળ સંચાલકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સંચાલકોએ વિરોધમાં ડીસા હાઈવે પર ટાયર સળગાવ્યા. ડીસા, લાખણી, થરાદમાં ગાય છોડીને વિરોધ પ્રદર્શન કરાયુ હતું. જેથી પોલસીસ પણ દોડતી થઈ હતી.

ગુજરાતમાં ૫૦૦ કરોડની સહાય ચૂકવવા ગૌશાળાના સંચાલકોનું આંદોલન ઉગ્ર બન્યું છે. બનાસકાંઠા અને પાટણમાં ગૌશાળાના સંચાલકોએ વિરોધ નોંધાવ્યો છે.. બનાસકાંઠાના ડીસા, લાખણી અને થરાદમાં ગાયોને છોડવામાં આવી હતી. તો આકરા પાણીએ આવેલા ગૌસેવકોએ ડીસામાં શિક્ષણમંત્રી કીર્તિસિંહ વાઘેલાનો ઘેરાવો કર્યો હતો. ૧૦ મિનિટ સુધી મંત્રીની ગાડીને ઘેરાવો કરતાં મામલો ગરમાયો હતો. મંત્રી ગાડીના કાચ પણ ખોલી શક્યા નહોતા. ગૌસેવકોમાં રોષ વચ્ચેથી પોલીસે મહામુસીબતે મંત્રીને બહાર કાઢ્યા હતા.

ગૌશાળાના સંચાલકોના વિરોધનો મામલે આમ આદમી પાર્ટીએ સરકાર પર પ્રહાર કર્યા હતા. છછઁ નેતા ઈસુદાન ગઢવીએ કહ્યું કે, ગૌ માતાના નામે વોટ માગનારી ભાજપે સાધુ સંતોની ધરપકડ કરાવી. બજેટનો એક રૂપિયો પણ સરકારે આપ્યો નથી. ગૌચરની જમીન ભાજપના મળતિયાઓએ પચાવી પાડી છે. આજે સાબિત થયુ છે કે, ભાજપ હિન્દુ વિરોધી પાર્ટી છે. ગાય માતા માટે અવાજ ઉઠાવનારની ધરપકડ થઈ છે. સાધુ સંતોની ધરપકડને છછઁ વખોડે છે. ત્યારે આગામી સમયમાં વિધાનસભાના ઘેરાવની ઈસુદાન ગઢવીની ચીમકી આપી છે.

## સુપ્રીમ કોર્ટમાં ૨૭ સપ્ટેમ્બરથી બંધારણીય બેંચની તમામ સુનાવણી લાઈવ-સ્ટ્રીમ થશે



નવીદિલ્હી,


સર્વોચ્ચ અદાલતના તમામ ન્યાયાધીશોની બનેલી બેઠકે લાઈવ સ્ટ્રીમિંગ પર નિર્ણય લીધો. ભારતના મુખ્ય ન્યાયાધીશ ઉદય ઉમેશ લલિતે પૂર્ણ અદાલતની બેઠકની અધ્યક્ષતા કરી હતી. તમામ ન્યાયાધીશો એકમત હતા કે લાઈવ-સ્ટ્રીમિંગ નિયમિત ધોરણે બંધારણીય કેસોના પ્રસારણ સાથે શરૂ થવું જોઈએ. જે કેસ લાઈવ-સ્ટ્રીમ થવાની સંભાવના છે તેમાં આર્થિક રીતે પછાત વર્ગના ક્વોટા કાયદા સામેના પડકારો, દાઉદી વ્હોરા સમુદાયને લગતા કેસ, ભરણપોષણ ન ભરવાપાત્ર અને વળતરના આધારે લગ્ન તોડવા, ભોપાલ ગેસ દુર્ઘટનાના પીડિતોનો વગેરે જેવા કેસોનો સમાવેશ થાય છે.

વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંગે ગયા અઠવાડિયે સીજેઆઇ અને તેમના સાથી ન્યાયાધીશોને પત્ર લખીને સર્વોચ્ચ અદાલતને જાહેર અને બંધારણીય મહત્વના કેસોની કાર્યવાહીનું લાઈવ સ્ટ્રીમિંગ શરૂ કરવાની વિનંતી કરી હતી. તે ૨૦૧૮ માં લાઈવ-સ્ટ્રીમિંગને માહિતીની સ્વતંત્રતા અને દરેક નાગરિક માટે ન્યાય મેળવવાના અધિકારનો એક ભાગ જાહેર કરવા માટે અરજીકર્તાઓમાંની એક હતી.

સપ્ટેમ્બર ૨૦૧૮ માં, સુપ્રીમ કોર્ટે બંધારણની કલમ ૨૧ હેઠળ ન્યાય મેળવવાના અધિકાર હેઠળ અદાલતી કાર્યવાહીનું જીવંત પ્રસારણ જાહેર કર્યું. ત્યારબાદ, ન્યાયાધીશ ધનંજય વાય ચંદ્રચુડની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની ઈ-કમિટી, કોર્ટની કાર્યવાહીના લાઈવ-સ્ટ્રીમિંગને નિયંત્રિત કરવા માટે મોડેલ માર્ગદર્શિકા સાથે આવી.

ગુજરાત, ઓરિસ્સા, કર્ણાટક, ઝારખંડ, પટના અને મધ્યપ્રદેશ હાઈકોર્ટ તેમની કાર્યવાહીનું તેમની યુટ્યુબ ચેનલો દ્વારા જીવંત પ્રસારણ કરે છે. ઈ-કમિટી લાઈવ-સ્ટ્રીમિંગ કોર્ટ કાર્યવાહી માટે વિશેષ પ્લેટફોર્મ શરૂ કરવાના પ્રસ્તાવ પર કામ કરી રહી છે. પ્લેટફોર્મનો પ્રસ્તાવ ઈ-કોર્ટ પ્રોજેક્ટના ત્રીજા તબક્કાનો એક ભાગ છે, જે ન્યાયતંત્ર માટે માહિતી અને ટેકનોલોજીના ઉપયોગને અમલમાં મૂકવાની મહત્વાકાંક્ષી પહેલ છે.

## કોઈ પણ યુદ્ધની સ્થિતિમાં માનવાધિકાર અને આંતરરાષ્ટ્રીય કાયદાના ઉલ્લંઘનને પણ અયોગ્ય : વિદેશ મંત્રી



નવીદિલ્હી,

છેલ્લાં અનેક મહિનાઓથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધ મામલે ભારતે ચિંતા વ્યક્ત કરી છે. ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે યુએન (UN)માં પોતાના સંબોધન દરમિયાન યુક્રેનની સ્થિતિ માત્ર ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય હોવાનો મત દર્શાવ્યો હતો. તેમણે યુક્રેનની ધરતી પર જે સ્થિતિ પ્રવર્તી છે તેને ચિંતાજનક ગણાવી હતી.

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બેઠકમાં વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું હતું કે, 'યુક્રેન યુદ્ધ તમામ આંતરરાષ્ટ્રીય સમુદાયો માટે ચિંતાનો વિષય છે. ભારત હંમેશા વાતચીત અને કૂટનીતિ દ્વારા આ યુદ્ધને સમાપ્ત કરવાની અપીલ કરતું આવ્યું છે.'

આ સાથે જ તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પણ ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, 'વડાપ્રધાન મોદીએ ભાર આપીને કહેલું કે, આ સમય કોઈ પણ રીતે યુદ્ધમાં રોકાઈ રહેવાનો ન હોઈ શકે. આ યુદ્ધનો યુગ ન હોઈ શકે.'

ઉલ્લેખનીય છે કે, એસસીઓ શિખર સંમેલન દરમિયાન વડાપ્રધા મોદીએ શાંતિની અપીલ કરી હતી. તેમણે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથેની વાતમાં કહ્યું હતું કે, આ યુદ્ધનો યુગ નથી.

વિદેશ મંત્રીએ કોઈ પણ યુદ્ધની સ્થિતિમાં માનવાધિકાર અને આંતરરાષ્ટ્રીય કાયદાના ઉલ્લંઘનને પણ અયોગ્ય ગણાવ્યું હતું. તેમણે આ પ્રકારની સ્થિતિની નિષ્પક્ષ અને સ્વતંત્ર તપાસની પણ માગણી કરી હતી.

## પાંચ મોટા ઉદ્યોગોમાં રૂા. ૨.૬૦ લાખ કરોડનો ગેરકાનુની વ્યાપાર

નવીદિલ્હી,

દેશમાં પાંચ મોટા ઉદ્યોગક્ષેત્રને સમાંતર ચાલતા ગેરકાનુની કારોબારના કારણે એક તરફ સરકારને રૂા.૫૮૫૨૧ કરોડના કરવેરાની આવક ગુમાવવી પડી હતી અને અંદાજે ૧૬ લાખ લોકોએ તેમની નોકરી પણ ગુમાવવી પડી હતી. દેશમાં એફએમસીજી, ખાદ્ય શરાબ, તંબાકુ તથા મોબાઈલ સહિતના ઈલેકટ્રોનિક ક્ષેત્રમાં સમાંતર રીતે ચાલતા ગેરકાનુની વ્યાપારનું રૂા.૨.૬૦ લાખ કરોડનું બની ગયું છે.

જેમાં એફએમસીજી ખાદ્યમાં ગેરકાનુની કારોબાર સૌથી વધુ છે અને તેમાં ૭.૯૪ લાખ નોકરીઓ ગઈ છે અને આ ક્ષેત્રનો ગેરકાનુની કારોબારમાં ઉપયોગ સૌથી વધુ ૭૫% છે ૧૬ લાખ લોકોએ નોકરીઓ ગુમાવીઃ સરકારને રૂા.૫૮૨૫૧ કરોડની વેરા આવકની નુકશાનીઃ ફિકકીનો ૨૦૧૯-૨૦ માટેનો રીપોર્ટ: લોકોની ખરીદશક્તિ ઘટતા સસ્તા ઉત્પાદનો ભણી ગયા

જેમાં સરકારને રૂા.૧૭૦૯૪ કરોડનો કરવેરો ગુમાવવો પડયો હતો. શરાબ ક્ષેત્રમાં પણ જે ગેરકાનુની વ્યાપાર ચાલે છે તેના કારણે રૂા.૧૫૨૬૨ કરોડની ટેક્ષ આવક ગુમાવવી પડી છે. તંબાકુ ઉદ્યોગમાં રૂા.૧૩૩૧ કરોડ અને ઘરેલું તથા વ્યક્તિગત ઉપયોગના ક્ષેત્રમાં ગેરકાનુની વ્યાપારના કારણે રૂા.૯૯૫૫ કરોડની કરઆવક તેમજ મોબાઈલ સહિતના ઉપકરણોમાં ગેરકાનુની, બનાવટી કે પછી બિલીંગ વગરના વ્યાપારની રૂા.૨૫૮૯ કરોડની ટેક્ષ આવક મળી નથી. ફકત કરવેરા નુકશાન જ નહી પણ ફેડરેશન ઓફ ઈન્ડીયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના રીપોર્ટમાં જણાવ્યા

સૌથી વધુ નુકશાન એફએમસીજીને થયુ મુજબ ૨૦૧૯-૨૦માં એક જ વર્ષમાં ૧૬ લાખ 'જોબ' સર્જન થયુ નહી અથવા નોકરી ગુમાવવી પડી હતી. હાઉસ હોલ્ડ- વ્યક્તિગત ઉપયોગના ક્ષેત્રે ગેરકાનુની-બનાવટી અને બિલીંગ વગરના વ્યાપારી સૌથી વધુ ૧.૯૭ લાખ કરોડનું નુકશાન થયું હતું. આ પ્રકારના વ્યાપાર માટે માંગ અને પુરવઠા વચ્ચે તફાવત, ઉંચા ટેક્ષ માળખા, લોકો મોંઘવારીના કારણે સસ્તી ચીજ ખરીદવાનું પસંદ કરતા થઈ ગયા છે તેના કારણે તથા નાના ઉદ્યોગોને જે સરકારી હેરાનગતી, ટેક્ષ થવાનો સામનો કરવો પડે છે તેને કારણ ગણવામાં આવે છે.

## ૮૦૦ કરોડના કૌભાંડ મામલે દુધસાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીના ૬ દિવસના રિમાન્ડ નામંજૂર




મહેસાણા,

મહેસાણાની દુધસાગર ડેરીના પૂર્વ ચેરમેન અને પૂર્વ ગૃહમંત્રી વિપુલ ચૌધરીની તેમના ડેરીના કાર્યકાળ દરમિયાન કરવામાં આવેલા રૂપિયા ૮૦૦ કરોડના કૌભાંડના અનુસંધાનમાં એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. ત્યાર બાદ રિમાન્ડ પૂરા થતા તેમને આજે મહેસાણા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને એસીબીએ વધુ ૬ દિવસના રિમાન્ડની માગણી કરી હતી. ઉપરાંત સરકારી વકીલે કોર્ટમાં વિપુલ ચૌધરીના પત્ની ગાયબ હોવાની પણ રજૂઆત કરી હતી. સાથે જ આ કેસમાં કંપનીઓની તપાસ બાકી હોવાની પણ રજૂઆત કરાઈ હતી. અમદાવાદ પોલીસની ટીમ વિપુલ ચૌધરીને લઈને મહેસાણા કોર્ટમાં પહોંચી હતી. કોર્ટમાં બંને પક્ષની દલીલો પૂર્ણ થયા બાદ વિપુલ ચૌધરીના વધુ રિમાન્ડની અરજી નામંજૂર કરવામાં આવી હતી. એસીબીએ વિપુલ ચૌધરીના વધુ ૬ દિવસના રિમાન્ડની માગણી કરી હતી. કોર્ટે વિપુલ ચૌધરીને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો આદેશ આપ્યો છે.

## નવરાત્રિ દરમિયાન રાત્રે ૧૨ વાગ્યા પછી હોટલો ખુલ્લી રાખવાની છૂટ

ગાંધીનગર,

નવરાત્રિને હવે બે દિવસ બાકી છે, ત્યારે ગુજરાત સરકારે નાગરિકોને મોટી છૂટ આપી છે. હવે ગરબા ગ્રાઉન્ડ પરથી નીકળ્યા બાદ લોકોને ભૂખ્યા રહેવાની જરૂર નહિ પડે. કારણે કે, સરકારે નવરાત્રિ દરમિયાન રાત્રે ૧૨ વાગ્યા પછી હોટલો ખુલ્લી રાખવાની છૂટ આપી છે. ગૃહ રાજ્યમંત્રીએ જાહેરાત કરી કે, નવરાત્રિમાં ગરબા પૂર્ણ થયા બાદ રાત્રીના ૧૨ પછી પણ હોટલો ખુલ્લી રાખવાની છૂટ આપવામાં આવી છે. સરકારના આ નિર્ણયથી ન માત્ર ખેલૈયાઓ અને હોટલ માલિકોને રાહત મળી છે. ૨૫ સપ્ટેમ્બરથી નવરાત્રિ શરૂ થઈ રહી છે. ત્યારે હવે ખેલૈયાઓમાં ભારે ઉત્સાહ છે. બે વર્ષ બાદ માંડ ગરબા કરવા મળે છે ત્યારે સરકારે રાત્રે ૧૨ વાગ્યા પછી હોટલો ખુલ્લી રાખવાની છૂટ આપી છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જાહેરાત કરી કે, ગરબા પૂર્ણ થયા બાદ રાત્રે ૧૨ વાગ્યા પછી હોટલ ખુલ્લી રહેશે. નવરાત્રિમાં ૧૨ વાગ્યા પછી હોટલ ખુલ્લી રાખી શકાશે. સરકારની આ જાહેરાતથી ખેલૈયાઓએ ખુશી વ્યક્ત કરી. ખેલૈયાઓએ કહ્યું કે, કોરોના બાદ જનજીવન માંડ થાળે પડ્યુ છે. આવામાં પહેલીવાર ગરબા રમવા મળી રહ્યાં છે. તેથી સૌથી મોટી મૂંઝવણ એ હતી રાત્રે વાગ્યા પછી ખાવા ક્યાં જવુ. લોકો ગરબા રમીને થાક્યા હોય, ભૂખ લાગી હોય આવામાં હોટલ ખુલ્લી ન હોય તો લોકોને ઘરે જવુ પડતું. હવે જ્યારે હોટલોને છૂટ મળી છે તો અમને ભૂખ્યા ઘરે જવુ નહિ પડે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

અમીન ફારૂક ઈબ્રાહીમ

તરફથી અભીનંદન....

મુ. ગોલી, તા. ગોધરા, જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

સખી મહીલા સ્વ. સહાય જુથ

તરફથી અભીનંદન....

મુ. ઉજડીયાના મુવાડા (કરસાણા), તા. ગોધરા, જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

ઘરી નવીઘરી સે.સ.મં.લી.

તરફથી અભીનંદન....

મુ. નવીઘરી, તા. ગોધરા, જી. પંચમહાલ

## જાહેર નિવિદા નં.૧૫-સને ૨૦૨૨-૨૩

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા×મ) વિભાગ, ગોધરા સીવીલ લાઈન રોડ, પીન કોડ નં.૩૮૯૦૦૧, જી.પંચમહાલ, ફોન નં.૦૨૬૭૨–૨૫૩૩૮૪ તરફથી ગુજરાત રાજયનાં અનુભવી ઈજારદારશ્રીઓ પાસેથી એમ્પનલમેન્ટ એન્ડ એપોઈમેન્ટ ઓફ કન્સલટન્ટ ફોર પ્રેપરેશન ઓફ ડીટેઈલ એસ્ટીમેટ ઓફ રોડ એન્ડ ક્રોસ ડ્રેઈનેજ વકર્સ એન્ડ બ્રિજ એન્ડ બિલ્ડીંગ ફોર ધ રૂરલ રોડસ અન્ડર આર એન્ડ બી (પંચાયત) ડીવીઝન, ગોધરાના કામે ટેન્ડર માંગવામાં આવે છે. કોરી ટેન્ડર કોપી ઈસ્યુ કરવાની તા.૦૧/૧૦/૨૦૨૨ અને ભરેલા ટેન્ડર આરપીએડી/સ્પીડપોસ્ટ થી પરત લેવાની છેલ્લી તા.૦૭/૧૦/૨૦૨૨ છે. ટેન્ડર ફી પેટે રૂા.૬૦૦/– બેંક ઓફ બરોડા શાખા સ્ટેશન રોડ, ગોધરામાં "૦૦૫૯ પીડબલ્યુ" સદરે ચલનથી જમા કરાવી ચલન રજુ કર્યે થી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. વધુ માહિતી માટે રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈસમો એ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

અનુભવનું પ્રમાણપત્ર તથા ચાલુ વર્ષની નેશનલાઈઝ બેંકની સોલવંસી રજુ કરવાની રહેશે.

કાર્યપાલક ઈજનેર
પંચાયત (મા×મ) વિભાગ,
ગોધરા

માહિતી/ગોધરા/૫૫૮/૨૦૨૨

# મહિસાગર જિલ્લાના ચૂંટણીના નોડલ અધિકારીઓની સંકલન બેઠક યોજાઈ

મહિસાગર,

મહિસાગર જિલ્લા ચૂંટણી અધિકારી તથા જિલ્લા કલેક્ટર ડો. મનીષકુમારના અદયક્ષ સ્થાને કલેક્ટર કચેરી ખાતે ચૂંટણીના નોડલ અધિકારીઓની સંકલન બેઠક યોજવામાં આવી હતી. જેમાં સૌ અધિકારીઓને ચૂંટણી કામગીરી માટે એક્શન મોડમાં આવી જવા તેમણે સૂચના આપી હતી.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

ચૂંટણીમાં ભાગ લેનારા સ્ટાફ માટે તાલીમ, ઈવીએમ/વીવીપેટ મેનેજમેન્ટ, સંગ્રહ અને પરિવહન, મટીરીયલ મેનેજમેન્ટ, ખર્ચ અને આદર્શ આચારસંહિતા, કાયદો અને વ્યવસ્થા, બેલેટ પેપર, મીડિયા સંબંધિત વ્યવસ્થાઓ, કમ્પ્યુટરાઈઝેશન, વોટર હેલ્પલાઈન, મતદાર અને મતદાન જાગૃતિ સંબંધી પ્રવૃતિઓ સહિતની બાબતોનાં નોડલ અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરતા ચૂંટણીની સંભવિત તારીખ પહેલા તમામ પૂર્વ તૈયારીઓ સુચારૂપણે પૂર્ણ થઈ જાય તે સુનિશ્ચિત કરવા અને તે રીતે આયોજન કરવા અંગે માર્ગદર્શન-નિર્દેશ આપ્યા હતા. મતદારો લોકશાહીના પર્વનો લાભ લઈને, પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તે માટે જાગૃતિ કાર્યક્રમો યોજવા તેમણે સૂચના આપી હતી. ચૂંટણી પંચનાં નિર્દેશ અને સૂચના અનુસાર ઈવીએમ મથકો, મતદાન મથકો પર દિવ્યાંગો મતદારો માટેની વ્યવસ્થા,ચૂંટણી કામગીરીમાં જોડાનારા કર્મચારીઓ માટે કરવાની થતી વ્યવસ્થાઓ, ચૂંટણી નિરીક્ષકો માટે કરવાની વ્યવસ્થાઓ સહિતની બાબતોઅંગે તેમણે ચર્ચા હાથ ધરી હતી.

આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા આર.પી. બારોટ,નાયબ ચૂંટણી અધિકારી શાહ,અધિક નિવાસી કલેકટર એ આઈ સુથાર, નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી એમ.બી.ઠાકોર, પ્રાયોજના વહિવટદાર અસારી, ખેતીવાડી અધિકારી, સહિત તમામ નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# મહીસાગર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)ના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમ અંતર્ગત કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઈ

મહીસાગર,

પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) અંતર્ગત આવસોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવાનું આયોજન આગામી ૩૦ નવેમ્બરના રોજ કરવામાં આવનાર હોઈ જિલ્લામાં હાથ ધરવા જરૂરી આયોજન અંગે કલેક્ટર કચેરી ખાતે અધિક નિવાસી કલેક્ટર એ આઈ સુથારની અદયક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી.



પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત ૩૦ નવેમ્બરના રોજ બનાસકાંઠા જિલ્લાના અંબાજી મુકામે વડાપ્રધાનના હસ્તે લાભાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) ના આવસોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત રાજ્યના તમામ જિલ્લામાં ૪૦૦૦ થી વધારે ગામોમાં આવાસોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત થવાના હોય તે ગામોમાં ૨૭-૨૮અને ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ સ્વચ્છતાને લગતા તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત ગ્રામીણ વિકાસ અને સ્વચ્છતાની થીમ પર સાંસ્કૃતિક અને આઈઈસી પ્રવૃત્તિઓ આયોજન કરવામાં આવશે.

આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ડાયરેકટર એમ.બી.ઠાકોર, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી બારીયા,આઈસીડીએસ અધિકારી શિલ્પાબેન ડામોર, આરોગ્ય અધિકારી સહિત સંબંધિત અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# કમ્પ્યુટર અને કોડિંગમાં માસ્ટરી થકી અધધધ કહી શકાય તેવો પગાર મેળવશે દાહોદની સરકારી ઈજનેરી કોલેજની આ વિદ્યાર્થીની !!!

દાહોદ,

દાહોદની સરકારી ઈજનેરી કોલેજની વિદ્યાર્થીનીએ કોમ્પ્યુટર અને કોડિંગમાં માસ્ટરી મેળવીને એમેઝોન જેવી આંતરરાષ્ટ્રીય કંપનીમાં રૂ.૮૦ હજારના પગારથી ઈન્ટર્નશીપ મેળવી છે. છ મહિનાના ઈન્ટર્નશીપ પૂર્ણ થયે જો તેની પસંદગી થશે તો રૂ.૩૦ લાખનું વાર્ષિક પેકેજ તેને ઓફર કરાશે. દાહોદમાં રાષ્ટ્રીય કક્ષાના સુખ્યાત વિદ્યાલયોની સ્પર્ધા કરી શકે તેવું શિક્ષણ મળી રહ્યું છે. ત્યારે સરકારી ઈજનેરી કોલેજની આ વિદ્યાર્થીનીએ આઈઆઈટી સહિતના ૬૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ સાથે રાષ્ટ્રીય સ્તરની મુશ્કેલ સ્પર્ધામાં અંતિમ પસંદગી પામી છે.





દાહોદની સરકારી ઈજનેરી કોલેજમાં કોમ્પ્યુટર એન્જીનિયરિંગનો કોર્ષ કરતી અમીષા પુર્સવાનીએ અભ્યાસકાળના છેલ્લા વર્ષમાં જ એમેઝોન જેવી જાઈન્ટ કંપનીમાં ઈન્ટનર્શીપ મેળવી છે. અમીષાએ આ માટે બે કોડિંગ ટેસ્ટ પાસ કરવી પડી હતી અને દિલ્હી ખાતેના ઈન્ટરવ્યુ બાદ તેની આખરી પસંદગી કરાઈ હતી.

અમીષાને કમ્પયુટર અને કોડિંગમાં ખૂબ રસ હોવાથી તેણે આ કોર્ષ પસંદ કર્યો હતો અને મૂળ અમદાવાદની અમીષા દાહોદની સરકારી ઈજનેરી કોલેજ ખાતે ૪ વર્ષનો કોર્ષ જોઈન કર્યો હતો. અહીંના નિષ્ણાંત પ્રોફેસરો પાસેથી ખૂબ સરસ માર્ગદર્શન અપાયું હતું અને પોતાનો રસનો વિષય હોવાથી તે ફટાફટ કોડિંગની આટીઘુંટી શીખી ગઇ હતી.

એમેઝોન વાવમાં સોફટવેચર ડેવલપર એન્જિનિંયરિંગની પોસ્ટ માટે અમીષાએ ઓનલાઇન અરજી કરી હતી. આ માટેની યોજાયેલી સ્પર્ધામાં દેશભરમાંથી કોમ્પ્યુટર અને કોડિંગના હોનહાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અંદાજે ૬૦ હજારથી પણ વધુ વિદ્યાર્થીઓએ ઓનલાઇ કોડિંગ માટેની આ પરીક્ષા આપી હતી. કોડિંગના મશ્કેલ પેપરોને સોલ્વ કરી પાસ કર્યા બાદ દિલ્હી ખાતે અમીષાનું ઈન્ટરવ્યુ લેવાયું હતું. એક કલાક ચાલેલા ઈન્ટરવ્યુમાં કમ્પ્યુટર અને કોડિંગ બાબતના અમીષાના જ્ઞાનની પૂરી ચકાસણી કર્યા બાદ તેનું અંતિમ પસંદગી કરાઈ હતી. રાષ્ટ્રીય કક્ષાની આ સ્પર્ધામાં અમીષાની સ્પર્ધામાં આઈઆઈટીના વિદ્યાર્થીઓ પણ હતા. તેમ છતાં અમીષાએ સફળતાપૂર્વક આ પરીક્ષા પાસ કરી હતી.

અમીષા પુર્સવાની જણાવે છે કે, મારા શિક્ષકોનો અથાક પરિશ્રમ અને માર્ગદર્શન તેમજ આ ક્ષેત્રનો મારો રસ ખૂબ કામ આવ્યો. જે વિષયમાં તમને રસ હોય તેમાં પરિશ્રમ કરી આગળ વધવું જોઈએ. મે કોમ્પ્યુટર અને કોડિંગ શીખવા માટે દિવસ રાત એક કર્યા છે. જેના પરિણામે આજે આટલી સ્પર્ધા હોવા છતાં એમેઝોનમાં હું પસંદગી પામી.

# દે.બારીઆ ખાતે ફોર વ્હીલ ચાલકે રાહદારીને અડફેટમાં લેતાં મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ નગરમાં એક ફોર વ્હીલર ગાડીના ચાલકે રસ્તાની સાઈડમાં ચાલતાં પસાર થઈ રહેલ એક રાહદારીને અડફેટમાં લેતાં રાહદારીનું ગંભીર ઈજાઓને પગલે મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૨૨મી સપ્ટેમ્બરના રોજ દેવગઢ બારીઆ નગરમાં આવેલ કન્યાશાળા સામે રોડ પર એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યો હતો. તે સમયે ત્યાંથી ચાલતાં પસાર થઈ રહેલ દેવગઢ બારીઆ નગરમાં કાપડી રશી ફળિયામાં રહેતાં ૫૬ વર્ષીય મજીતભાઈ રસુલ કડવાને અડફેટમાં લેતાં મજીતભાઈને હાથે પગે શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું.

આ સંબંધે ઈસુફભાઈ રસુલભાઈ કડવાએ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના ચોસલા ગામે કેદારનાથ મહાદેવ મંદિરની દાન પેટી માંથી ૧૨ હજારની ચોરી

દાહોદ,

દાહોદ તાલુકાના ચોસાલા ગામે આવેલ ભગવાન કેદારનાથ મહાદેવ મંદિરના પરિસરમાં મુકી રાખેલ દાન પેટીમાંથી કોઈ અજાણ્યા ચોર ઈસમોએ દાન પેટીમાં મુકી રાખેલ રોકડા રૂપીયા ૧૨,૦૦૦ની ચોરી કરી લઈ નાસી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

ગત તા.૨૧મી સપ્ટેમ્બરના રોજ ચોસાલા ગામે આવેલ ભગવાન કેદારનાથ મહાદેવ મંદિરના પરિસરમાં મુકી રાખેલ દાન પેટીને રાત્રીના સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમોએ દાન પેટી તોડી અંદર મુકી રાખેલ રોકડા રૂપીયા ૧૨,૦૦૦ની ચોરી કરી લઈ નાસી જતાં આ અંગેની જાણ મંદિરના પુજારી સહિત આસપાસના લોકોને થતાં મંદિર વિસ્તારમાં લોકટોળા ઉમટી પડ્યાં હતાં અને આ સંબંધે ચોસાલા ગામે ગામતળ ફળિયામાં રહેતાં સુરેશભાઈ રમણભાઈ પંચાલે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ST ડેપો દારૂનો અડ્ડો બન્યો

# બોડેલીમાં કર્મચારીઓનો ઓફિસમાં દારૂની મહેફિલ માણતો વીડિયો વાયરલ થયો

છોટાઉદેપુર,

છોટા ઉદેપુર જિલ્લો સરહદી જિલ્લો છે. જેને લઈને પર પ્રાંતમાંથી દરરોજ વિદેશી દારૂ ઝડપાઈ રહ્યો છે. પરંતુ નહીં પકડાયેલા દારૂ લોકો પી રહ્યા હોવાનો પુરાવો બોડેલી એસ.ટી. ડેપોમાં જોવા મળ્યો છે. બોડેલી એસ.ટી. ડેપોમાં કામ કરતા કર્મચારીઓ મોડી રાત્રે વિદેશી દારૂની ઓફિસમાં જ બેસીને મહેફિલ માણી રહ્યાં હોવાના વીડિયો વાઈરલ થયા છે. સમગ્ર બાબતે બોડેલી એસ.ટી. ડેપોના ઈન્ચાર્જ ડેપો મેનેજર એ.એચ.ચૌહાણે કહ્યું હતું કે આ વીડિયો અંગે તપાસ શરૂ કરી છે. અને બોડેલી પોલીસને જાણવાજોગ ફરિયાદ આપીશુંની વાત કરી રહ્યાં છે.



આ વીડિયોમાં એક ખુરશીમાં એક આધેડ ઉંમરના વ્યક્તિ બંડી અને ખાખી કલરનું પેન્ટ પહેરીને ટેબલ પર દારૂનો ગ્લાસ ભરીને ચૂસકી લેતા તેમજ તને સાથ આપવા અન્ય એક વ્યક્તિ બાજુમાં બંડી પહેરીને કંઈક ખાતા હોવાનો વીડિયો વાઈરલ થયો છે. મહત્ત્વની વાત એ છે કે, ગુજરાતમાં દારૂબંધી ચાલી રહી છે. દરરોજ સેંકડો બોટલ દારૂ છોટા ઉદેપુર પોલીસ ઝડપી રહી છે. તેમ છતાં સરકારી કર્મચારી કચેરીમાં બેસીને ખુલ્લેઆમ કોઈપણ જાતના ડર વિના દારૂની મહેફિલ માણી રહ્યા છે.

ઈન્ચાર્જ ડેપો મેનેજર એ.એચ. ચૌહાણે જણાવ્યું હતું કે, ગઈકાલે બોડેલી એસ.ટી. ડેપો ખાતે જે બનાવ બન્યો છે. તેના વીડિયો વાયરલ થયા છે. તેના અનુસંધાને જે તે કર્મચારીઓ જવાબદાર છે એની સામે પોલીસ સ્ટેશનમાં લેખિત જાણ કરી છે અને ઉપરી અધિકારીઓની સૂચના અને આદેશ અનુસાર એમની સામે ગંભીર પગલાં લેવા માટે રિપોર્ટિંગ કરવામાં આવ્યું છે અને અહેવાલ પાઠવી દેવામાં આવ્યો છે. હાલ તો વીડિયોમાં ૩ કર્મચારીઓ દેખાય છે. જેમાં ૧નો ચહેરો દેખાતો નથી પણ તેની તપાસ કરીને કુલ ૩ કર્મચારીઓ સામે ગંભીર પગલાં લેવા માટે રિપોર્ટ કરી દેવામાં આવ્યો છે. ત્યારે ગત રાત્રીના બોડેલી એસ.ટી. ડેપોમાં ચાલી રહેલી દારૂની મહેફિલની જાણ થતાં બોડેલી પોલીસ પણ એસ.ટી. ડેપો ખાતે આવી પહોંચી હતી. અને દારૂ પીતા કર્મચારીને રાત્રે જ પોલીસની ગાડીમાં લઈ જવામાં આવ્યા હતા. તેમ છતાં હજુ સુધી આવા નશેડી કર્મચારી વિરુદ્ધ કોઈ પણ જાતની કાર્યવાહી નહીં કરાતા અનેક સવાલો ઊઠી રહ્યા છે.

# સંતરામપુરની નાની ભુગેડી ગામે બાળકની હત્યા કરનાર માતાનો પ્રેમી કચ્છ-ભુજ થી ઝડપાયો

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના નાની ભુગેડી ગામે માસુમ બાળકની હત્યા કરનાર માતાનો પ્રેમી કચ્છભુજ થ ઝડપાયો અને ૧૯ ગુનામાં સંડોવાયેલો. સંતરામપુર તાલુકાના નાની ભુગેડી ગામે મકાઈના ખેતર માંથી ચાર વર્ષના બાળકનો મૃતદેહ મળી આવેલો હતો. પોલીસે તેની હત્યાનો ભેદ ઉકેલવા માટે સતત પ્રયાસો અને તપાસ હાથ ધરવામાં આવેલી હતી. પોલીસે અલગ અલગ ટીમ બનાવીને સૌથી પહેલા તેની માતાને શોધી કાઢવામાં આવેલી હતી અને તેની અટકાયત પણ કરેલી હતી. પૂછપરજ દરમિયાનમાં અને કોલ ડીટેલના આધારે પોલીસ વધુ તપાસ હાથ ધરી હતી. તેની માતાને પૂછવામાં આવેલું કે, તારે બાળકને કિમ મારી નાખવું પડે માતાએ કબુલ કર્યું કે મારે કચ્છ-ભુજમાં એક માણસ જોડે પ્રેમ સંબંધ બાંધેલો છે અને મારે તેની સાથે જવાનું હતું પરંતુ પ્રેમ સંબંધ બાંધેલા પ્રેમિકાએ કહ્યું કે તારે બાળકને જોડે લાવવાની જરૂર નથી.



તું તારી રીતે બાળકને પતાવી નાખ પ્રેમીના ઈશારે અને મદદગારી કરવામાં તેના કહેવાથી પોતાના જ બાળકને પતાવી નાખેલો હતો. બાળકના હત્યા કેસમાં પોલીસે તપાસ દરમિયાન પ્રેમ પ્રકરણનું નવું રહસ્ય બહાર આવ્યું અને પોલીસને સતત પ્રયાસો બાદ ૧૯ ગુનામાં સનવાયેલો કચ્છ-ભુજનો આરોપી જાકબ આમજસમા ખાટવા ગામનો રહેવાસી હોવાનો બહાર આવ્યો. આજે સંતરામપુર કોર્ટમાં તેને રજૂ કરીને મોટી સબ જેલમાં મોકલી આપવામાં આવેલો હતો. આખરે પ્રેમ પ્રકરણના અંજામમાં બાળકે જીવ ગુમાવ્યો.

# દાહોદના મુવાલીયા ગામેથી યુવક અને ત્રણ મિત્રોએ સગીરાનું અપહરણ કરી યુવકે સગીરા સાથે દુષ્કર્મ આચરતા ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના મુવાલીયા ગામેથી એક યુવકના ત્રણ મિત્રો દ્વારા એક ૧૭ વર્ષીય સગીરાનું અપહરણ કરી બસમાં બેસાડી રાજકોટ મુકામે લઈ જઈ એક યુવકે સગીરાની મરજી સગીરાને પત્નિ તરીકે રાખવા સારૂં સગીરાની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચરતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૨૫મી ઓગષ્ટના રોજ દાહોદ તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરાને દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના બોરીયાળા ગામે રહેતો દર્શનભાઈ મુકેશભાઈ ભુરીયાના ત્રણ મિત્રો દ્વારા સગીરાને તેના ગામમાંથી મોટરસાઈકલ પર બેસાડી અપહરણ કરી લઈ ગયાં હતાં અને દાહોદ બસ સ્ટેશનેથી બસમાં બેસાડી રાજકોટ મુકામે લઈ ગયાં હતાં જ્યાં સગીરાને દર્શનભાઈને સોંપી દર્શનભાઈએ સગીરાની મરજી વિરૂધ્ધ પત્નિ તરીકે રાખવા સારૂં અવાર નવાર દુષ્કર્મ આચર્યું હતું. દુષ્કર્મનો ભોગ બનેલ સગીરા ઉપરોક્ત યુવકોના ચંગુલમાંથી છુટી પોતાના પરિવારજનો પાસે આવી પહોંચી હતી અને પોતાની સાથે બનેલ ઘટનાની જાણ પોતાના પરિવારજનોને કરતાં પરિવારજનોના પગ તળેથી જમીન સરકી ગઈ હતી અને પરિવારજનો સગીરાને લઈ દાહોદ તાલુકા પોલીસ મથકે આવી દુષ્કર્મનો ભોગ બનેલ સગીરા દ્વારા ઉપરોક્ત ચારેય યુવકો વિરૂદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દિવાળીના તહેવાર દરમ્યાન ફટાકડાના હંગામી સંગ્રહ-વેચાણના લાયસન્સ મેળવવા અંગે

ગોધરા,

માહે ઓક્ટોમ્બર-૨૦૨૨ માં આવતા દિવાળીના તહેવાર દરમ્યાન ફટાકડાના હંગામી સંગ્રહ/વેચાણનો પરવાનો મેળવવા માંગતા જિલ્લાના હાલોલ અને ઘોઘંબા તાલુકાના અરજદારોએ તા.૩૦/૦૯/૨૦૨૨ સુધીમાં નિયત નમુનામાં સંપુર્ણ વિગતો સાથે અરજી ફોર્મ ઉપર રૂ.૩/-ની કોર્ટ ફી સ્ટેમ્પ લગાવી નીચેના આધાર પુરાવા સામેલ રાખવાના રહેશે. જેમા "૦૦૭૦-૬૦-૧૦૩-૦૦" બીજી વહીવટી સેવાઓ (O.A.S.) સદરે રૂ.૩૦૦/- દારૂખાનું રાખવાનો પરવાનો મંજુર કરવાની અરજીની તપાસણી માટે તેમજ રૂ.૬૦૦/- પરવાના ફી એમ કુલ મળી રૂ.૯૦૦/- જમાં કરાવી તેનું અસલ ચલણ સામેલ રાખવાનું રહેશે. સુચિત સ્થળનો એપ્રુવ નકશો જેમાં સદર સ્થળની ૧૫ મીટરની ત્રિજ્યામાં આવેલ અન્ય દુકાનોના ધંધાનો પ્રકાર શાળા,કોલેજો,હોસ્પિટલો,સળગી ઉઠે તેવા પદાર્થોનું ગોડાઉન, પેટ્રોલ પંપ કે રક્ષિત ઈમારતો આવેલી હોય તો તેની તમામ વિગતો આવરી લેવાની રહેશે. પોતાની ઓળખ અંગેના સ્વપ્રમાણિત કરેલ પાસપોર્ટ સાઈઝના ૦૨(બે) ફોટા તથા આઈ.ડી. પ્રુફ માટે આધાર કાર્ડ/ચુંટણી કાર્ડ ની નકલ સામેલ કરવાની રહેશે. માંગણીવાળી જગ્યાની માલિકી અંગેના પુરાવા/અગર સ્થળ ભાડાનું હોય તો ભાડા-પાવતી તેમજ માલિક દ્વારા સદર જગ્યાએ હંગામી ફટાકડા વેચાણ-સંગ્રહ કરવા અંગેની સંમતિ દર્શાવતુ એફિડેવિટ જોડવાનું રહેશે. નગરપાલિકા/ગ્રામ પંચાયત તરફથી આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર(એન.ઓ.સી), ફાયર સેફ્ટીની વ્યવસ્થા અંગેનું પ્રમાણપત્ર, સ્થાનિક સંસ્થા પાસે કોઈપણ પ્રકારની સરકારી વસુલાત બાકીમાં ન હોવા બાબતનું પ્રમાણપત્ર જોડવાનું રહેશે. ગત વર્ષે હંગામી ફટાકડા વેચાણ- સંગ્રહ અંગેનો પરવાનો મેળવેલ હોય તો તેની સ્વપ્રમાણિત કરેલ નકલ આપવાની રહેશે. તા.૩૦/૦૯/૨૦૨૨ બાદ મળેલ અરજીઓ તથા અધુરી વિગતોવાળી અરજીઓને ધ્યાને લેવામાં આવશે નહી જેની નોધ લેવા સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી હાલોલની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# વેલણવાડા અને મુનપુર શકિત કેન્દ્રોની બેઠક મળી



લુણાવાાડા,

વેલણવાડા અને મુનપુર શક્તિ કેન્દ્રોની બેઠક વેલણવાડા મહામંત્રી વિજયભાઈ સેવક તથા ભરતભાઈ સેવકના નિવાસ સ્થાને થઈ, જેમાં ભાજપા પ્રમુખ દશરથભાઈ બારીયા સાથે ઉપસ્થિત મધ્યપ્રદેશના અહીં મહિસાગર જીલ્લાના પ્રભારી વિજયભાઈ અઠાવલે તથા રાજય સરકાર ના મંત્રી કુબેરભાઈ ડીડોર સાથે ૧૨૩ વિધાનસભાના પ્રભારી વેચાતભાઈ બારીયા સાથે ભાજપા મહામંત્રી રાવજીભાઈ પટેલ સાથે વિસ્તારક ઉમંગભાઈ દેસાઈ સાથે ઉપસ્થિત કડાણા તાલુકા ભાજપા પ્રમુખ જયંતીભાઈ પટેલ તથા કડાણા તાલુકા ભાજપા મહામંત્રી કાળુભાઈ પી ડામોર. પર્વતભાઈ કટારા તથા અર્જુનસિહ કટારા, કાળુભાઈ એસ. ડામોર તથા ભાજપાના તમામ કાર્યકરો ઉપસ્થિત રહ્યા.

# દાહોદ જીવનદીપ સોસાયટીના ભાડાના મકાનમાં યુવતિને લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ શહેરમાં જીવનદીપ સોસાયટીમાં ભાડાના મકાનમાં એક ૨૧ વર્ષીય યુવતીને લગ્નની લાલચ આપી એક યુવક દ્વારા યુવતીની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે. દાહોદ શહેરમાં રહેતી એક ૨૧ વર્ષીય યુવતીને દાહોદ શહેરના બસ સ્ટેશન સામે આવેલ યાદવ ચાલમાં રહેતો જીજ્ઞેશભાઈ પ્રવિણભાઈ મિસ્ત્રીએ યુવતીને લગ્નની લાલચ આપી ગત તા.૨૦મી ઓગષ્ટના રોજ જીવનદીપ સોસાયટીમાં યુવકે પોતાના મિત્રના ભાડાના મકાનમાં યુવતીને લઈ જઈ તેણીની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. દુષ્કર્મ આચર્યા બાદ યુવતીએ થોડા સમય બાદ લગ્નનો પ્રસ્તાવ મુક્તાં જીજ્ઞેશભાઈએ લગ્ન કરવાની ના પાડી દેતાં યુવતીએ આ સંબંધે દાહોદ બી ડીવીઝનમાં ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આપની આજ.......

મેષ : આજે આપનો દિવસ મિશ્રણભર્યો રહેશે. વ્યાપાર સંબંધી મુદ્દાઓ તમને લાભકારી પરિણામ આપશે. આજનો દિવસ સંતાન સાથે સંકળાયેલી સમસ્યાઓ ઉકેલવામાં પસાર થઈ શકે છે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે શુભ રહેશે. આજના દિવસની શરુઆતમાં નાના મોટા લાભ મળી શકે છે. નોકરી, વ્યવસાય સાથે સંકળાયેલા મુદ્દાઓનું ઉકેલ આવશે.

મિથુન : આજે આપનો દિવસ લાભદાયક નીવડી શકે છે પરંતુ ગુસ્સા પર અંકુશ જાળવી રાખજો. મોટા અધિકારીઓ સાથે મતભેદ નુકસાનકારક રહેશે. તમારા બનાવેલા નવા સંબંધો આ સમયે કામ આવશે.

કર્ક : આજે આપના માટે સંભાળીને ચાલવાનો દિવસ છે. આજે કામ પર ઉપરી અધિકારીઓ સાથે મતભેદો થઈ શકે છે. લગ્નજીવનમાં સરળતા બની રહેશે અને જીવનસાથી સાથે સુમેળભર્યા સંબંધો રહેશે.

સિંહ : આજનો દિવસ તમારા માટે મિશ્ર રહેશે અને જો તમે વ્યાપારી છે તો આજે બિનજરુરી વધારે પડતો પરિશ્રમ કરવો પડી શકે છે.

કન્યા : આજે તમારા મનમાં પોતાને લઈને ઉચાટ રહ્યા કરે. તમે તમારા પદ અને અધિકારોને લઈને તણાવમાં રહી શકો છો. તમને એવુ લાગશે કે લાયક હોવા છતાં તમે એ મેળવી નથી શકતા. દૂર કે નજીકની મુસાફરીમાં અડચણ આવી શકે છે. જો થાય એ સારા માટે જ થાય છે.

તુલા : આજે આપનો દિવસ વિશેષ લાભદાયી નીવડશે અને રોકાયેલું ધન આશ્ચર્યજનક રીતે પ્રાપ્ત થશે. આનાથી આજે તમારો વિશ્વાસ, ધર્મ અને આધ્યાત્મમાં વધારો થશે.

વૃશ્ચિક : આજનો આપનો દિવસ કંઈક ખાસ કરવાના વિચારોમાં પસાર થશે. અધિકારીઓ સાથે સુમેળભર્યા સંબંધો રહેશે અને એમના સહયોગથી નવા પ્રોજેક્ટ શરુ કરી શકો છો.

ધનુ : આજનો દિવસ તમારા માટે અનૂકુળ છે. આજે તમે તમારામાં જ મસ્ત રહેશો. કોઈપણ વિરોધીની ટીકા તરફ ધ્યાન ના આપતાં તમે કામમાં વ્યસ્ત રહેશો.

મકર : આજે તમે તમારા કામમાં મન લગાવી કામ કરશો અને તેનો લાભ પણ જલ્દીથી જોઈ શકશો. સ્વજનો પાસેથી સુખ મળશે અને પારિવારિક મંગળ કાર્યોથી ખુશી મળશે.

કુંભ : આજનો દિવસ શુભ છે અને ગોચરના શુભ પ્રભાવથી સફળતા મળશે. જવાબદારીને પૂરા મનથી નિભાવશો અને તમારા નસીબમાં પણ વધારો થશે. વાહન, જમીન ખરીદવા, સ્થળાતંરનો સુખદ સંજોગ પણ બની શકે છે.

મીન : આજનો દિવસ મુશ્કેલીભર્યો રહી શકે છે અને દુશ્મન તમારા વિરુદ્ધ કાવતરું કરવામાં સફળ બની શકે છે. બિનજરુરી ચિંતાઓથી મન વિચલિત રહેશે. નવી ઉપલબ્ધિઓ આકરી મહેનતથી મળશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

## ફતેપુરા તાલુકામાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા

# મળવા પાત્ર વિવિધ લાભો બાળકો અને મહિલાઓ સુધી સમયસર નહીં પહોંચતા હોવાની ઉઠેલી બૂમો

- સરકાર દ્વારા મુખ્યમંત્રી માતૃશકિત યોજના તથા પોષણ સુધા યોજના હેઠળ સંગર્ભા તથા ધાત્રી બહેનોને આંગણવાડીના માધ્યમથી કિટ તથા પૌષ્ટિક આહાર આપવામાં આવે છે.
- તાલુકાના કેટલાક ગામડાઓમાં પ્રસુતા બહેનોને સરકાર દ્વારા મળવાપાત્ર રકમ ત્રણ વર્ષનો સમય વિતવા છતાં ફાળવવામાં નહીં આવી હોવાની ચર્ચા.
- તાલુકાની કેટલીક આંગણવાડી કેન્દ્રો દ્વારા માતૃશકિત તથા પોષણ સુધા યોજનાની લાભાર્થી બહેનોને નિયમ મુજબ લાભ નહીં આપી કટકી કરવામાં આવતી હોવાની બૂમો.
- તાલુકામાં આવેલ કેટલાક આંગણવાડી કેન્દ્રોમાં બાળકોની બતાવવામાં આવતી સંખ્યાની સરખામણીએ જુજ બાળકો હાજરી આપે છે.

ફતેપુરા,
સ્ત્રીના જીવનમાં સંગર્ભા અને ધાત્રી અવસ્થા ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે.માતાના ગર્ભમાં રહેલ શિશુ માટે તેમજ જન્મ બાદ તેને સ્તનપાન કરાવવા માટે માતાને વધુ પ્રમાણમાં પોષણની જરૂરિયાત રહે છે.આ જરૂરિયાતોને પહોંચી વળવા માટે રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના તથા પોષણ સુધા યોજના અમલમાં મૂકેલી છે.અને આ યોજનાનો લાભ આંગણવાડી કેન્દ્રોના માધ્યમથી બાળકો તથા સંઘર્ભા અને ધાત્રી બહેનો સુધી પહોંચાડવામાં આવી રહ્યો છે.પરંતુ ફતેપુરા તાલુકાના કેટલાક આંગણવાડી કેન્દ્રોમાં સરકારના ધ્યેય મુજબ કામગીરી કરવામાં આવતી નહીં હોવાની ચર્ચાઓ પણ સાંભળવા મળી રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ દાહોદ જિલ્લાના નવ તાલુકાઓમાં ગત તારીખ ૧/૬/૨૦૨૨ થી મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના અમલમાં મૂકી તેની શરૂઆત કરવામાં આવેલ છે.જેમાં "સશક્ત મહિલા, સાક્ષર બાળક, સ્વસ્થ બાળક"ના ઉદ્દેશથી આ યોજનાની શરૂઆત કરવામાં આવી છે.અને તેમાં પ્રથમ વખતની સંગર્ભા મહિલા અથવા પ્રથમ બાળક (બે વર્ષ સુધી)નું થાય ત્યાં સુધી માતાને દર મહિને ૨ કિલો ચણા,૧ કિલો તુવેર દાળ તથા ૧ લીટર ખાદ્ય તેલ આગણવાડી કેન્દ્રના માધ્યમથી વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

જ્યારે પોષણ સુધા યોજનામાં સંગર્ભા બહેનોને અઠવાડિયામાં છ દિવસ સુધી પોષણયુક્ત આહાર આપવામાં આવે છે. તેમાં સોમવારના રોજ થેપલા, દાળ-ભાત તથા શાક. મંગળવાર પરોઠા, શાક અને દાળ ભાત.બુધવાર લાપસી,શિરો તથા દાળ-ભાત.ગુરૂવાર રોટલી,શાક અને ખીચડી. શુક્રવાર પરોઠા, ચણા તથા વઘારેલા ભાત. શનિવાર શીરો, લાપસી, શાક, દાળ-ભાત આંગણવાડી ખાતે તૈયાર કરીને આપવાનો નિયમ સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ છે.


અહીંયા જણાવવું જરૂરી છે કે, મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનામાં આપવામાં આવતી ચણા, તુવેર દાળ તથા ખાદ્યતેલની કીટમાં ફતેપુરા તાલુકાની કેટલીક આંગણવાડી કેન્દ્રોમાં જવાબદારો દ્વારા લાભાર્થી બહેનોને મળવા પાત્ર ચીજ વસ્તુઓમાં કપાત કરી આપવામાં આવતી હોવાની તેમજ કેટલીક આંગણવાડી કેન્દ્રો દ્વારા ચાર માસમાં આ કીટ માત્ર એકાદ-બે માસ વિતરણ કરી મહિલાઓ સાથે અન્યાય કર્યો હોવાની ચર્ચાઓ પણ સાંભળવા મળે છે.આંગણવાડી કેન્દ્રમાં પોષણ સુધા યોજના હેઠળ સંગર્ભા બહેનોને જે પૌષ્ટિક ભોજન આપવાનું હોય છે. તેનો કેટલીક આગણવાડી કેન્દ્રો દ્વારા હાલ સુધી અમલ કરવામાં નહીં આવતો હોવાનું પણ જાણવા મળે છે. આ બાબત કલ્પના કે આક્ષેપ નહીં પરંતુ હકીકત છે.અને સરકારના નિયમોની અવગણના કરતા આંગણવાડી કેન્દ્રોના સંચાલકો સહિત નોંધાયેલ સંગર્ભા અને ધાત્રી બહેનોની ઝીણવટ પૂર્વક તપાસ હાથ ધરવામાં આવે તો અનેક આગણવાડી સંચાલીકાઓ સહિત તાલુકાના જવાબદારોની બેદરકારીથી ચલાવવાથી લાલિયાવાડી પ્રકાશમાં આવી શકે તેમાં કોઈ બે મત નથી.

ફતેપુરા તાલુકાના સરકારી દવાખાનાઓમાં બાળ સેવા કેન્દ્રોનું સંચાલન કરવામાં આવે છે અને તેમાં બાળક સહિત તેની માતાને ૧૪ દિવસ સુધી આ સેવા કેન્દ્ર ખાતે દવા અને પૌષ્ટિક આહાર આપવામાં આવે છે. ત્યારબાદ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા માતાના ખાતામાં રૂપિયા ૨૫૦૦/- સહાય આપવામાં આવે છે. પરંતુ કેટલાક કિસ્સાઓમાં સ્થાનિક જવાબદારો દ્વારા સામાન્ય ભૂલ ઉભી કરી મહિનાઓ સુધી આ નાણાંની ચુકવણી કરવામાં નહીં આવતી હોવાના પણ કિસ્સા જોવા મળેલ છે.

અહીંયા ખાસ એ પણ નોંધનીય બાબત છે કે,આંગણવાડી કેન્દ્રમાં પહેલી તથા બીજી પ્રસુતિની નોંધાયેલ સંગર્ભા બહેનોને પ્રસુતિ બાદ સરકાર દ્વારા ૫,૦૦૦ સહાય પેટે ચૂકવવામાં આવે છે. તેમાં ફતેપુરા તાલુકામાં કેટલાક ગામડાઓની બહેનોએ જે-તે સમયે જરૂરી ડોક્યુમેન્ટની પૂર્તતા કરવા છતાં ત્રણ વર્ષ ઉપરાંતનો સમય વીતી ગયો હોવા છતાં આજ દિન સુધી આ નાણાની ચુકવણી કરવામાં નહીં આવી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામેલ છે. જેની બે થી ત્રણ વર્ષ અગાઉ આગણવાડીમાં નોંધાયેલ સંગર્બભા બહેનોની તપાસ સ્થાનિક આરોગ્ય કેન્દ્ર અને આંગણવાડી કેન્દ્રમાં કરવામાં આવે તો સત્યતાબહાર આવી શકે તેમ છે.ત્યારે આ લાભની વર્ષોથી રાહ જોતી બહેનોને મળવાપાત્ર સહાય વહેલી તકે ચૂકવી આપવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામેલ હોવાનું જાણવા મળે છે.

અહીંયા એ પણ જણાવવું જરૂરી છે કે,ફતેપુરા તાલુકામાં અનેક આંગણવાડી કેન્દ્રો માત્ર કાગળ ઉપર ચાલી રહ્યા હોય તેમ જણાય છે. તેમાં કેટલીક આંગણવાડી કેન્દ્રમાં નોંધાયેલ બાળકોની સંખ્યા મુજબ આંગણવાડીમાં બાળકોની હાજરી જોવા મળતી નથી.જ્યારે કેટલીક આંગણવાડી કેન્દ્રો સરકારના નિયમ મુજબ ચાલુ-બંધ કરવાના અને બાળકોને આંગણવાડી દ્વારા મળવા જોઈતા શિક્ષણના નિયમને પણ બાજુ ઉપર રાખી આંગણવાડી કેન્દ્રોનું સંચાલન કરવામાં આવતું હોવાનું જોવા અને જાણવા મળે છે. તેમજ બાળકોને જે પૌષ્ટિક આહાર ના પાઉચો આપવામાં આવે છે, તે પાઉચો કેટલીક આગણવાડીઓ દ્વારા એક જ દિવસે આપી દઈ પોતાની ફરજ પૂરી કર્યાનો સંતોષ માની લેવામાં આવતો હોવાનું પણ જોવા મળે છે. કેટલાક લોકો આ પાઉચોના પૌષ્ટિક આહાર નો પશુઓને ખવડાવવાના ઉપયોગમા લેતા હોવાની પણ ચર્ચાઓ સાંભળવા મળી રહી છે.ત્યારે આ બાબતે ફતેપુરા તાલુકા ના ગ્રામ્ય વિસ્તારોમાં ચાલતી આંગણવાડી કેન્દ્રોની જિલ્લા સહિત રાજ્યકક્ષાએથી તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો સરકાર દ્વારા જે ધ્યેયથી કરોડો રૂપિયા ફાળવવામાં આવે છે તે સાર્થક થઈ શકે.

## દાહોદ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ સુવિધાઓ થશે વધુ સુદ્રઢ-જિલ્લાની ૫૭૭ પ્રાથમિક શાળાઓમાં ૨૦૧૪ નવીન વર્ગખંડ માટેની મંજૂરી



દાહોદ,
દાહોદ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ સુવિધાઓ વધુ સુદ્રઢ થવા જઇ રહી છે. જિલ્લાની ૫૭૭ પ્રાથમિક શાળાઓમાં ૨૦૧૪ નવીન વર્ગખંડ બનાવવા માટેની મંજૂરી રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે આપી દીધી છે. જે પૈકી ૫૫ પ્રાથમિક શાળાઓમાં રૂ. ૨૭૨૦ લાખના ખર્ચે તૈયાર થનારા ૧૯૭ વર્ગખંડોની કામગીરીનું ખાતમુહૂર્ત આગામી સપ્તાહે મહાનુભાવો દ્વારા કરાશે.

જિલ્લાની ૫૭૭ પ્રાથમિક શાળાઓમાં ૨૦૧૪ વર્ગખંડો નવા બનશે. જેમાં દાહોદ તાલુકાની ૧૧૮ પ્રાથમિક શાળાઓમાં ૪૨૬, દેવગઢ બારીયાની ૭૮ પ્રાથમિક શાળાઓમાં ૨૪૭, ધાનપુરના ૫૫ પ્રાથમિક શાળાઓમાં ૧૫૭, ફતેપુરામાં ૬૭ પ્રાથમિક શાળામાં ૨૧૫, ગરબાડાની ૭૨ પ્રાથમિક શાળાઓમાં ૨૭૮, લીમખેડાની ૪૨ પ્રાથમિક શાળાઓમાં ૧૫૦, સંજેલીની ૨૭ પ્રાથમિક શાળાઓમાં ૧૦૦, સિંગવડની ૨૧ પ્રાથમિક શાળાઓમાં ૮૭, ઝાલોદની ૯૭ પ્રાથમિક શાળાઓમાં ૩૫૪ નવા વર્ગખંડો બનશે.

દાહોદ જિલ્લાના ૯ તાલુકાઓમાં કુલ ૧૬૪૭ પ્રાથમિક શાળાઓ છે. જેમાં ૩૪૫૩૦૪ બાળકો અભ્યાસ કરે છે. બાળકો વધુ સુવિધાપૂર્ણ વાતાવરણમાં અભ્યાસ કરી શકે તે માટે આ વર્ગખંડો સત્વરે તૈયાર કરાશે. જેમાંથી ૧૯૭ જેટલા ઓરડાઓનો વર્ક ઓર્ડર મળતા આગામી સપ્તાહ દરમિયાન મહાનુભાવો દ્વારા આ કામગીરીનું ખાતમુહૂર્ત કરીને પ્રારંભ કરાશે. તદ્દનુસાર દાહોદ તાલુકાની ૬ પ્રાથમિક શાળાઓમાં ૨૧ વર્ગખંડો રૂ. ૨૯૮ લાખ, ગરબાડા તાલુકાની ૧૧ પ્રાથમિક શાળાઓના ૫૦ વર્ગખંડો રૂ. ૬૯૫ લાખ તેમજ ઝાલોદ, સંજેલી તાલુકાની ૯ પ્રાથમિક શાળાઓમાં ૨૬ વર્ગખંડ રૂ. ૩૩૦ લાખ, સિંગવડ તાલુકાની ૧૧ પ્રાથમિક શાળાઓના ૩૯ વર્ગખંડો રૂ. ૫૪૭ લાખ, ધાનપુર તાલુકાની ૩ પ્રાથમિક શાળાઓમાં ૧૧ વર્ગખંડો રૂ. ૧૫૬ લાખ અને લીમખેડા તાલુકાની ૧૫ પ્રાથમિક શાળાઓમાં રૂ. ૬૯૫ લાખના ખર્ચે નવીન વર્ગખંડો તૈયાર કરાશે.

આ અંગેનો ખાતમુહૂર્ત કાર્યક્રમ તા. ૨૮ સપ્ટેમ્બર થી તા. ૩૦ સપ્ટેમ્બર સુધી ગુજરાત વિધાનસભાના દંડક રમેશભાઇ કટારા, સાંસદ જસવંતસિંહ ભાભોર, જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, જિલ્લા શિક્ષણ સમિતિ ચેરમેન પ્રફુલ્લભાઇ સહિતના પદાધિકારીઓ, અધિકારીઓની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાશે.

## ગરબાડાના વડવા ગામે દિપડો દેખાતા ગ્રામજનોમાં ફફડાટ



દાહોદ,
દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના વડવા ગામે વન્ય પ્રાણી દિપડાએ પુનઃ દેખા દેતાં ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. વન્ય પ્રાણી દિપડાએ ગામમાં વધુ મરઘા અને બકરાનું મારણ કર્યું છે.

અગાઉ થોડા દિવસો પહેલાં ગરબાડા તાલુકાના વડવા ગામે દિપડાએ દેખા દીધી હતી. કેટલાંક મરઘાઓનું મારણ કર્યું હતું. દિપડાએ દેખા દેતાં આ ઘટના ગામના સરપંચના ઘરે લાગેલ સીસીટીવી ફુટેજમાં કેદ થઈ જવા પામ્યો હતો. ત્યારે ગતરોજ પુનઃ વડવા ગામે દિપડાએ દેખા દેતાં ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. દિપડાએ ફરીવાર મરઘા અને બકરાનું મારણ કરતાં ગ્રામજનોમાં દિપડાના આતંકને પગલે ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. ગ્રામજનોમાં પુનઃ ભયનો માહોલ સર્જાવા પામ્યો છે. અગાઉ ગ્રામજનોની રજુઆતને પગલે વન વિભાગ દ્વારા દિપડાને પકડવા માટે પાંજરા મુક્યાં હતાં. વન વિભાગે ગ્રામજનોને સાંજના સમયે ઘરની બહાર ન નીકળવાની અપીલ કરી હતી અને સાવધાન રહેવા પણ જણાવ્યું હતું, પરંતુ વન વિભાગ દ્વારા પાંજરામાં મારણ ન મુકતા દિપડો પાંજરે ન પુરાતો હોવાના આક્ષેપો પણ ગ્રામજનો દ્વારા કરવામાં આવી રહ્યાં છે.

## ઝાલોદ મામલતદાર ઓફિસના કર્મચારીઓ હડતાળ પર ઉતરતા જનતાના કામો અટવાયા




તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,
હાલ ઝાલોદ મામલતદાર કચેરી ખાતેનો અમુક કામદાર વર્ગ ગુજરાત સરકાર પાસે પોતાની પડતર માંગણીઓને લઈ હડતાળ પર છે. તેથી સામાન્ય પ્રજાજનોને હાલાકી પડી રહી છે. જાણવા મુજબ સામાન્ય જનતાને આવક જાતિના દાખલો (જન સેવા કેન્દ્ર), ૭/૧૨,૮-અ ની નકલ, રેશનકાર્ડને લગતી કામગીરી હાલ કર્મચારીઓની હડતાળને લઈ ખોરંભે પડી છે. તેથી સામાન્ય પ્રજા અટવાતી જોવા મળે છે. આ કામગીરી લઈને આવતા લોકોને કામગીરી ન થતાં ધક્કો ખાવો પડે છે અને હાલાકી ભોગવવી પડી રહી છે. તેથી જનતાના કામો અટવાઈ રહ્યા છે. આમ, કર્મચારીઓની હડતાળને પગલે મામલતદાર ઓફીસને લગતી કામગીરીને લઈ જાહેર જનતાની કામગીરીના કામકાજ પર અસર પડી રહી છે.

## ઉકરડી જ્ઞાનજયોત ઉ.મા.શાળામાં વડાપ્રધાનના જન્મ દિવસની ઉજવણીએ હિમોગ્લોબીન ચેકઅપ કેમ્પ યોજયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
ગીફ્ટ ઓફ સેવા "પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે સેવા પખવાડિયા અંતર્ગત પ્રદેશ મહિલા મોરચા અધ્યક્ષા ડૉ. દિપીકા સચીન સરદાવના માર્ગદર્શન હેઠળ સમગ્ર પ્રદેશમાં ડોક્ટર સેલ અને મહિલા મોરચા દ્વારા દીકરીઓ માટે જ્ઞાનજ્યોત ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલય ઉકરડી શાળામાં હિમોગ્લોબીન ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઓછુ HB ધરાવતી દીકરીઓને માહિતી ટેમ્પલેટ અને ગોળીઓનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી કૌશલ કિશોરીજી, સંગઠન પ્રભારી રાજેશભાઈ પાઠક, હંસા કુંવરબા જિલ્લા પંચાયત સદસ્ય, સુધીરભાઈ લાલપુર વાલા, જિલ્લામાં મંત્રી કનૈયા કિશોરીજી, સ્નેહલભાઈ ધારીયાજી, નરેન્દ્ર સોનીજી, તાલુકા પંચાયત પ્રમુખ વિજયભાઈ પરમાર, તાલુકા પ્રમુખ મુકેશભાઈ, પ્રમુખ ડોક્ટર કે.આર. ડામોર, જિલ્લા મહિલા મોરચાઓ પ્રમુખ મેઘાબેન પંચાલ, જિલ્લા મહિલા મોરચા ઉપપ્રમુખ મોનાલીસા સિસોદિયા, તાલુકા ઉપપ્રમુખ નીલકંઠ ઠક્કર, RMO ઉદયભાઇ, THO બામણીયા, ડોક્ટર પ્રદીપભાઈ લવાના, સ્કૂલ ટ્રસ્ટી કલસિગ મેડા, નિકુંજભાઈ મેડા સ્કૂલ સ્ટાફ તેમજ પાર્ટીના હોદ્દેદારો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં.

## ઝાલોદ નગરમાં નવરાત્રિ મહોત્સવ દરમ્યાન શેરી ગરબા ધૂમ મચાવશે

ઝાલોદ,
તારીખ ૨૬-૦૯-૨૦૨૨ સોમવાર થી નવરાત્રિ મહોત્સવ ચાલુ થઈ રહેલ છે. દરેક ખેલૈયાઓ ગરબા રમવા માટે ઉત્સુક જોવા મળી રહેલ છે. ગરબા એ ગુજરાત રાજ્યની ઓળખાણ છે. જેને જોવા માટે મોટા મોટા શહેરોમાં કે અલગ અલગ વિસ્તારોમાં જોવા માટે ગુજરાત બહારથી જોવા લોકો આવે છે. અમુક વિસ્તારોમાં મર્યાદિત સંખ્યામાં ગરબા રમાતા હોવાથી લોકોને પાસ કે ટિકિટ મળી રહેલ નથી. ઝાલોદ નગર માટે પણ નવરાત્રિમાં ગરબાનું ઉત્સવ મણાવવા લોકોમાં ખુબજ ઉત્સાહ જોવા મળે છે. હાલ તો નગરમાં દરેક વિસ્તારો પૂરતું મર્યાદિત સંખ્યામાં શેરી ગરબાનું આયોજન જોવા મળી રહેલ છે અને મોટા પાયે કોઈ જાહેર નવરાત્રિ મહોત્સવનું આયોજન જોવા મળી રહેલ નથી. તેથી ખેલૈયાઓમાં નિરાશા જોવા મળી રહેલ છે. હાલતો દરેક ખેલૈયાઓ ઈચ્છી રહ્યા છે કે, ગરબાનું જાહેર મોટું આયોજન થાય જેથી તેમને નગર બહાર રમવા ન જવું પડે, નગરના ગરબા આયોજનના આગેવાનો પણ હાલતો કોઈ આયોજનના મૂડમાં જોવા મળી રહેલ નથી પણ છેલ્લે સુધી ખેલૈયાઓને વિશ્વાસ છે કે, નગરમાં ગરબાનું જાહેર મોટું આયોજન થશે. હાલ તો ગરબાના જાહેર મોટા આયોજન પર પ્રશ્નનાથ જોવાઈ રહેલ છે. નગરમાં આયોજકો પાસે રોજ ખેલૈયાઓ જઈ જાહેર આયોજન માટે ચર્ચા કરે છે પણ કોઈ પણ ગરબા આયોજકો હાલ પત્તા ખોલી રહેલ નથી કે ગરબાનું મોટું આયોજન કરશે કે નહીં.



પાવરલીફ્ટીંગ એસોશીએશન દાહોદ અને ક્રીડા ભારતી દાહોદ સંયુક્ત ઉપક્રમે દાહોદમાં પાવરલીફ્ટીંગ ડેડલીફ્ટીંગ વિભાગની જીલ્લા કક્ષાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ખેલાડીઓ ભાગ લીધો હતો. દાહોદની હર્ષા તવંર એ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો અને તમિલનાડુના ચેન્નાઈ ખાતે નેશનલ ડેડલીફ્ટીંગ ચેમ્પિયનશીપમાં માટે પસંદગી કરવામાં આવી હતી. નેશનલ ચેમ્પિયનશિપમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી સિલ્વર મેડલ મેળવી દાહોદનું ગૌરવ વધાર્યું છે.

## ઝાલોદ તાલુકાના વાતાવરણમાં પલ્ટો : વાદળ છાયા વાતાવરણમાં હવા સાથે ઠંડક પ્રસરાઇ

ઝાલોદ,
ઝાલોદ તાલુકાના વાતાવરણમાં અચાનક પલ્ટો જોવા મળ્યો હતો. આજે વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ જોવા મળતું હતું અને સાથે સાથે વહેલી સવારથીજ ઠંડી હવા સાથે વાતાવરણમાં ઠંડક જોવા મળતી હતી. કેટલાય દિવસથી વાતાવરણમાં ઉકળાટ જોવા મળતો હતો. આજે સવારથી વાતાવરણમાં ઠંડક જોવા મળી હતી. ઠંડા પવન સાથે વાતાવરણ ખુબજ સરસ જોવાતું હતું. લોકોને ગરમી અને ઉકળાટના વાતાવરણ વચ્ચે ઠંડકનું વાતાવરણ જોવા મળતા ખુશી જોવા મળતી હતી. સવાર સવારમાં જલ્દી આવતા લોકો ઠંડી હવાને લીધે ઠુંઠવાતા જોવા મળ્યા હતા. આ વાતાવરણ જોતા લાગે છે કે, ધીરે ધીરે હવે ઠંડી ની શરૂઆત થઈ રહી છે.



ઝાલોદ તાલુકાના લીલવાઠાકોર ગામે પશુઓમા લમ્પી વાયરસ રોગના નિદાન તેમજ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મદદનીશ પશુ પાલક નિયામક તથા કર્મચારી ચીરાગભાઈ પટેલ તથા કુબી વકેર વનરાજસિહ રાઠોડ તેમજ મુકેશભાઈ ભાભોર તથા રાજુભાઈ તેમજ પશુ આરોગ્ય ટીમ લીમડી તથા લીલવાઠાકોર ગ્રામ પંચાયતના ઉપસરપંચ મુકેશભાઈ ખાંગુડા તથા આગેવાન વસંતભાઈ ભાભોર તેમજ ગ્રામ પંચાયતના સભ્ય ફુલસીગભાઈ ભાભોર તથા છગનભાઈ ડામોર, સબુરભાઈ ડામોર તથા દિમેશભાઈ ડામોર, હરસીંગભાઈ ભાભોર તેમજ ગ્રામજનોની ઉપસ્થિતમાં લીલવાઠાકોર ગામના દરેક ફળિયા માંથી લમ્પી વાઈરસ રોગ તથા અન્ય બીમાર પશુઓની નિઃશુલ્ક નિદાન સારવાર કરવામાં આવી હતી.

## દાહોદ નગરમાં નવરાત્રી મેળાનો પ્રારંભ કરાવતા જિલ્લા પંચાયત પ્રમુખ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાએ આજે દાહોદ નગરના ગોવિંદનગર વિસ્તારમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આયોજીત નવરાત્રી મેળા ૨૦૨૨ નો પ્રારંભ કર્યો છે. અહીં સ્વસહાય જુથની મહિલાઓએ બનાવેલી કલાત્મક ચીજવસ્તુઓનું આગામી તા. ૨૯ સપ્ટેમ્બર સુધી વેચાણ કરાશે.

દાહોદના ગોવિંદ નગર ખાતે આશાર્વાદ ઈમેર્જિંગ સેન્ટરની સામે જ્ઞાનદીપ ખાતે નવરાત્રી મેળા અંતર્ગત ૮ જેટલા સ્ટોલ ઉભા કરાયા છે. જેમાં ચણીયા ચોળી, ઈમિટેશન જવેલરી, હેન્ડમેડ જવેલરી, દાંડિયા, કુર્તિ, પાઉચ, પર્સ, ટેન્ગીંગ, હોમ ડેકોરેટીવ આઇટમ જેવી નવરાત્રીને અનુરૂપ ચીજવસ્તુઓનું આજથી વેચાણ શરૂ કરાયું છે. આ નવરાત્રી મેળો આગામી તા. ૨૯ સપ્ટેમ્બર સુધી ચાલશે.

જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાએ સ્વસહાય જુથની મહિલાઓને પ્રોત્સાહન આપ્યું હતું અને તેમણે તૈયાર કરેલી સુંદર કલાત્મક સામગ્રીને બિરદાવી હતી. તેમણે એમ પણ જણાવ્યું કે, દાહોદનાં નાગરિકો મોટી સંખ્યામાં આ નવરાત્રી મેળામાં ભાગ લે અને ખૂબ પરિશ્રમ બાદ તૈયાર કરાયેલી અહીંની કલાત્મક વસ્તુઓની ખરીદી કરે અને ગ્રામ્ય અંર્થતંત્ર અને મહિલા સશક્તિકરણને વેગ આપે.

આજના પ્રથમ દિવસે જ નગરજનો મોટી સંખ્યામાં આ નવરાત્રી મેળામાં ઉમટી પડયા હતા અને નવરાત્રીને લગતી ચીજવસ્તુઓની ખરીદી કરી હતી.

આ વેળાએ ડીઆરડીએ નિયામક બી.એમ. પટેલ, સુકુમાર ભૂરિયા સહિતના અધિકારીઓ તેમજ નગરપાલિકાના સભ્યઓ, નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતા.

## ધાનપુરના દુધામલી ગામે ઘર આંગણેથી કુઝર ફોર વ્હીલની ચોરી થતાં ચકચાર

દાહોદ,
દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના દુધામલી ગામે ઘરના આંગણે લોક મારી રાખેલ કુઝર ફોર વ્હીલર ગાડીની ચોરી કરી વાહન ચોર ટોળકી ચોરી કરી લઈ નાસી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે.


ગત તા.૧૭મી સપ્ટેમ્બરના રોજ દુધામલી ગામે પ્રમુખ ફળિયામાં રહેતાં અજયભાઈ બળવંતસિંહ મોહનીયાએ પોતાની કુઝર ફોર વ્હીલર ગાડી પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.30

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# નેવરિયા ગામ લોકો દ્વારા બેફામ રેતી ખનન અંગે પચમહાલ ભૂસ્તરશાસ્ત્રી સહીત કલેક્ટરને આવેદનપત્ર આપ્યું



કાલોલ,

કાલોલ તાલુકાનાં નેવરીયા ગામમાં કરાડ નદી માંથી બેફામ રેતી ચોરી થતી હોવાની ફરિયાદ સાથે ગ્રામજનોએ જિલ્લા કલેક્ટરને અને ભૂસ્તરશાસ્ત્રી પંચમહાલને આવેદનપત્ર આપ્યુ અને પગલા લેવાની રજૂઆત કરી માંગણી કરી છે. અન્યથા આંદોલન કરવાની ચિમકી આપવામાં આવી છે.

આવેદન પત્ર મુજબ નેવરીયા ગામમાંથી કરાડ નદી આવેલ હોય ગાવ વસ્તી ધરાવતા છતા છેલ્લા ઘણા સમય લીઝ બહારના લોકોને લઈને ફાળવણી કરવામાં આવે છે તેમજ જેટલી નેવરીયાગામ પરમિશન નામે સર્વે નંબરની જગ્યા છોડીને અન્ય જગ્યાએ નાખી રેતી કાઢવાનું કામ કરવામાં આવે છે અમો દ્વારા આપ સાહેબને આ મુજબ પ્રશ્નોની માહિતી મેળવવા જરૂરી બને તે હેતુથી આવેદનપત્ર આપવામાં આવે છે. આજ દિન સુધી રેતી ખનન દ્વારા મોજે નેવરીયા કુદરતી સંપત્તિનો નાશ કરવામાં આવી રહ્યો છે. અને જે તે વિસ્તારના પર્યાવરણને નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે સાદી રેતી કાઢવાની પરવાનગી મળેલ છે? છેલ્લા ઘણા સમયથી મશીનો દ્વારા નદીમાંથી રેતી કાઢવામાં આવે છે. નેવરીયા ગામમાંથી પસાર થતી ટ્રકો દ્વારા ગામોના રસ્તાઓ પણ તદ્દન ખાડા વાડા બનાવી દેવામાં આવ્યા છે. રાત્રે ડમ્ફરો ઓવરલોડ રેતી ભરી પસાર થાય છે એટલે કે સીધું જણાય આવે છે કે રેકેટ ચાલી રહ્યું છે. આ રેકેટ રેતી માફિયાઓ દ્વારા ચલાવવામાં આવે છે એવું જણાય છે. જેથી આપ સાહેબને તાત્કાલિક તપાસના ધોરણે કાર્યવાહી કરશો એવી નમ્ર અરજ સાથે આવેદનપત્ર આપવામાં આવે છે અને જો તેમ કરવામાં તંત્ર નિષ્ફળ જશે તો આવનારા સમયમાં નેવરીયા ગામ દ્વારા હિંસક આંદોલન કરવામાં આવશે. જેની જવાબદાર તંત્ર એ જાણ લેવી.

# પંચમહાલ જિલ્લામાં રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ થકી બાળ અધિકારનુ હનન થતું અટકાવવા શિબિર યોજાઈ



ગોધરા,

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા બાળ અધિકારનુ હનન થતાં અટકાવવા માટે દેશના ૭૫ જિલ્લા નક્કી કરવામા આવ્યાં છે. દેશમા બાળકોના ૨૫%થી વધારે આદિવાસી વસતી ધરાવતા જિલ્લામાં આ કાર્યક્રમ યોજવામા આવે છે. જે અંતર્ગત પંચમહાલ જિલ્લાના ગોધરા સ્થિત પોલીસ મુખ્ય મથક જિલ્લા તાલીમ કેન્દ્ર ખાતે આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ અંતર્ગત સ્થાપિત કરવામા આવેલ કેન્દ્ર સરકારની ન્યાયિક સંસ્થા દ્વારા પંચમહાલ જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી ગોધરામાં બંધારણીય જોગવાઈ, વિવિધ કાયદાઓ અને નિયમોમા બાળકોને મળતા અધિકારો સુનિશ્ચિત કરી બાળકોના અધિકારોનુ હનન થતા અટકાવવા માટે શિબિરનું આયોજન કરાયું હતું. આજના કાર્યક્રમની શરૂઆત સ્વાગત, પ્રાર્થના ગીત અને દીપ પ્રાગટયથી કરાઈ હતી.

આ પ્રસંગે રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગના મેમ્બર સેક્રેટરી રૂપાલી બેનર્જી સિંઘની અદ્યક્ષતામાં જિલ્લામાંથી પ્રાપ્ત થયેલ કુલ ૨૫૨ અરજીઓનું સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવ્યું હતું. જેમાં પીડિત વ્યકિતના પરિવારજનોની રજૂઆતો સાંભળીને ત્વરિત નિર્ણય અને નિરાકરણ લાવવામાં આવ્યું હતું. આ રજુઆતોમાં નાની ઉંમરમાં ઘરેથી ભાગી ગયેલ બાળકો, ગુમ થનાર બાળકો, દિવ્યાંગતા, જર્જરિત શાળાના પ્રશ્નો, આધાર કાર્ડને લગતા પ્રશ્નો, શિક્ષણ અને આરોગ્યને લગતા વગેરે પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ લાવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અધિક જિલ્લા કલેકટર દ્વારા શાબ્દિક ઉદબોધન કરાયું હતું તથા મંચ પરથી વિવિધ મહાનુભાવોના હસ્તે વિવિધ યોજનાઓ અંતર્ગત લાભાર્થીઓને પ્રમાણપત્ર અપાયા હતા. જિલ્લાના પોલીસ વિભાગ, આઈ.સી.ડી.એસ, મહિલા અને બાળ વિકાસ, સમાજ સુરક્ષા, બાળ સુરક્ષા, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, આરોગ્ય અને સર્વ શિક્ષા અભિયાન દ્વારા લોકોને સ્થળ પર સહાયતા પ્રાપ્ત થઈ શકે તે માટે સ્ટોલ ઊભા કરાયા હતા. આ સાથે આધારકાર્ડ કીટ અને દિવ્યાંગ વ્યકિતઓ માટે મેડિકલ સર્ટીની સુવિધા ઉભી કરાઈ હતી જેનો લાભ લોકોએ લીધો હતો.

આ શિબિરમાં જિલ્લા કલેકટર સુજલ મયાત્રા, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ત્રિવેદી, જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ પંડ્યા, અધિક જિલ્લા કલેકટર એમ.ડી. ચુડાસમા, સમાજ સુરક્ષા અધિકારી, બાળ સુરક્ષા અધિકારી, જિલ્લાના પ્રાંત અધિકારીઓ, મામલતદારઓ સહિત જિલ્લાના વિવિધ વિભાગના અધિકારીગણ/ કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

# કાલોલ તાલુકામાં ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વાર પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મ જયંતિ નિમિત્તે બેઠક યોજાઈ




કાલોલ,

કાલોલ તાલુકામાં આજે બેઠકને લઈને યુવા અદયક્ષ ડો.પ્રશાંતભાઈ તા.૨૫ સપ્ટેમ્બર લઈને રન ફોર ડેવલપમેન્ટ સૂચના–તા. ૨૨.૦૯.૨૦૨૨ છે તે ધ્યાન પર લેવા વિનંતી કરી.મોરચાના પ્રદેશ કોરાટજીની અધ્યક્ષતામાં નક્કી કરેલ આગામી કાર્યક્રમ નીચે મુજબ સપ્ટેમ્બર, ૨૦૨૨ રન ફોર ડેવલપમેન્ટ મેરેથોન (માન. પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મ જયંતિ) જનસંઘના સ્થાપક માનનીય પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના અંત્યોદયના વિચારને ચરિતાર્થ કરતા માનનીય પ્રધાનમંત્રી હમશા ગરીબ, વંચિત, દલિત, આદિવાસી, પછાત અને ખેડૂતોના કલ્યાણ અને સર્વાંગી વિકાસ માટે સમર્પિત રહ્યા છે તેમજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં ગુજરાતના વિકાસ થકી સમગ્ર દેશમાં ગુજરાત ચેલ મોડલ ઉભુ કરી હાલ ભારતના વડાપ્રધાન તરીકેના કાર્યકાળમાં તમામ ક્ષેત્રે વણથંભ્યા વિકાસને તીવ્ર ગતિમાન સાથે સમગ્ર વિશ્વમાં ભારતની એક આગવી છબી ઉભી કરી ટૂંકા ભવિષ્યમાં ભારતને વિકસિત દેશની શ્રૃંખલામાં સ્થાપિત કરવા માટે સંકલ્પિત વિકાસ પુરૂષ નરેન્દ્રભાઈ મોદીજીના ૧૭ સપ્ટેમ્બર જન્મદિવસ થી ૦૨ ઑક્ટોબર ગાંધી જયંતિ અંતર્ગત સેવા પખવાડીયું ચાલી રહ્યુ છે તે અંતર્ગત તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ રન ફોર ડેવલપમેન્ટ મેરેથોન નું સમગ્ર પ્રદેશની અંદર તમામ જીલ્લામાં વિધાનસભા સીટ અને મહાનગરમાં મહાનગર સહ મોટી સંખ્યામાં આયોજન કરવાનું રહેશે.

મેરેથોનના આયોજન માટે જીલ્લા/મહાનગરના ઈન્ચાર્જ અને જીલ્લામાં વિધાનસભા સીટ સ કાર્યક્રમના સ્થાન અને મહાનગરમાં મહાનગર સઃ કાર્યક્રમ સ્થાનની વિગત માટે મોકલેલ ગુગલ ફોર્મમાં માંગેલ તમામ વિગત ભરીને સબમીટ કરવું. રન ફોર ડેવલપમેન્ટ મેરેથોન માટે ગુગલ ફોર્મમાં ઓનલાઈન વધુમાં વધુ રજીસ્ટ્રેશન કરાવવું તેમજ ઓફલાઈન મોકલેલ રજીસ્ટ્રેશન ફોર્મમાં વધુમાં વધુ રજીસ્ટ્રેશન કરી જીલ્લા મહાનગર સઃ રજીસ્ટ્રેશન ફોર્મને પીડીએફ કરી ઈમેઈલ પર મોકલી આપવું. મેરેથોનમાં નામાંકીત પ્રતિભાશાળી યુવા (કલાકાર, રમતવીર, ઉદ્યોગપતિ અથવા અન્ય ક્ષેત્રથી સંકળાયેલ)તરીકે બોલાવવાને મુખ્ય મહેમાન, અતિથી વિશેષ મેરેથોનના શરૂઆતના સ્થાન પર સ્ટેજ વ્યવસ્થા તેમજ યુવા સાંસ્કૃતિક કાર્યક્રમ કરવો. મેરેથોનના રૂટ દરમ્યાન સ્પર્ધકો માટે પાણી કે લીંબુ પાણીની વ્યવસ્થા કરવી. સ્પર્ધકોને સર્ટીફીકેટ/મોમેન્ટો આપવા.

બધા મેરેથોનના રૂટ મોનીટર માટે કાર્યકરોને વ્યવસ્થામાં રાખવા. મેરેથોન રૂટ પર માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકારના વિવિધ યોજનાના બેનરો લગાવવા. રન ફોર ડેવલપમેન્ટ મેરેથોન સંદર્ભે મીડીયા, સોશીયલ મીડીયામાં વધુને વધુ પ્રચાર–પ્રસાર થાય તેવું આયોજીત કરવામાં આવ્યું.

# ગોધરા નવરચના શાળાના ફિરોઝખાન પઠાણને મિશન સ્ટેટમેન્ટ માટે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બુકમાં સ્થાન




ગોધરા,

ભારતને વિશ્વ પ્રશિક્ષણ રાજધાની બનાવવા માટે સક્સેસ જ્ઞાનની એક વિશાળ ચળવળમાં સામેલ થનારા વિશ્વભરના ૧૬૯૩ લોકોએ ભારતને તે મહાસત્તા બનાવવાની દિશામાં એક અદ્ભુત પગલું ભર્યુ છે. સુપર સ્પીકર સિઝન–૨ રિયાલિટી શોની આ વિશાળ ચળવળમાં ગોધરાના નવરચના પ્રાથમિક શાળાના આચાર્ય ફિરોઝખાન પઠાણને ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યુ છે. સક્સેસ જ્ઞાનનુ મિશન ભારતના ટ્રેનર્સ અને કોચને વિશ્વ કક્ષાના બનવામાં મદદ કરવાનું છે. આ સ્વપનના પ્રથમ ભાગરૂપે પાંચમી સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ સવારે ૧૦ કલાકે મિશન સ્ટેટમેન્ટ થીમ સાથે એક જ સમયે વિડિયો રજુ કરી અદભુત સિદ્ધી અને સફળતાનો હિસ્સો ૧૬૯૩ લોકો બન્યા છે. જે થીમ મુજબ ૧૫ દિવસ તમામ વિડીયોની ચકાસણી ક્ર્યા બાદ એક અદભુત ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સ થયેલ છે. આ દુનિયામાં એવું કશું જ નથી, જે તમે સાચા અર્થમાં તમારા મન અને હ્રદયને લગાવો ત્યારે તમે પ્રાપ્ત કરી શકતા નથી. ઉલ્લેખનીય છે કે શિક્ષણ, સાહિત્ય અને સામાજીક ક્ષેત્રે છેલ્લા ૨૦ વર્ષથી સેવા આપનાર ફિરોઝખાન પઠાણ રાષ્ટ્રીય અને રાજયકક્ષાએ ૨૦ શિક્ષણ અને સામાજીક સેવા માટે વિવિધ રાજ્યોની એન.જી.ઓ દ્વારા સન્માન મળેલ છે. સામાજીક સંદેશ આપતી સાત પુસ્તકો તેઓ દ્વારા લખેલ છે. તેઓએ વ્યક્તિગત અને માર્ગદર્શક શિક્ષક તરીકે સ્પર્ધાઓમાં પાંચ વખત રાજયકક્ષાએ પંચમહાલ જિલ્લાનુ નેતૃત્વ કરેલ છે. તાજેતરમાં બેસ્ટ ગ્લોબલ પ્રિંસિપાલ એવોર્ડ૨૦૨૨ અને નોઇડા દિલ્લી ખાતે એજ્યુકલાઉડ લિડરશીપ નેશનલ એવોર્ડ ૨૦૨૨ અને ગાજીયાબાદ આયોજીત શિક્ષા રત્ન સન્માન ૨૦૨૨ સન્માન મેળવેલ છે.

# ગોધરા રહેમતનગર નજીક નદીના પટમાં જુગાર રમતા પાંચ જુગારીયા ઝડપ્યા

ગોધરા,

ગોધરા રહેમતનગર ફરીદ મસ્જીદ પાછળ નદીના પટમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી પાંચ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા રહેમતનગર ફરીદ મસ્જીદ પાછળ મેશરી નદીના પટમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ફિરદોસ મહમંદ પઠાણ, સાદીક યુસુફ ઘેસ, આશિફ યાકુબ વસ્કા, રાજકુમાર કુપલાણી, ઈકબાલ હાજી ગીતેલીને ઝડપી પાડયા હતા. ઝડપાયેલ ઈસમોની અંગઝડપી અને દાવ ઉપર મુકેલ ૨૩૫૦/ –રૂપીયા જપ્ત કરી આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધવા પામી છે.

# પંચમહાલ સહિત ગોધરામાં સોમવાર થી શરૂ થતાં નવરાત્રી ગરબાને લઈ યુવાધનમાં થનગનાટ



ગોધરા,

૨૬ સપ્ટેમ્બર થી શરૂ થતાં માં શકિતની આરાધના વર્ષ એવા નવલી નવરાત્રીમાં પંચમહાલ જીલ્લા સહિત ગોધરાનું યુવાધન ગરબે ગુમવા થનગનાટ જોવા મળી રહ્યો છે.

નવરાત્રીના પર્વ બે વર્ષ કોરોનાકાળમાં ખુલ્લીને ઝુમી ન શકેલ ગુજરાતના ગરબા પ્રેમી યુવાધન ચાલુ વર્ષ સોમવાર થી શરૂ થતાં નવલી નવરાત્રીના માં શકિતના આરાધના પર્વમાં ગરબે ઝુમવા માટે થનગની રહ્યા છે. યુવતિઓ નવરાત્રીમાં પહેરવાના ચણીયાચોળી અને યુવાઓ કેડયુ, ઝભ્ભા–લેંગા ખરીદવા માટે બજારોમાં ભારે ભીડ જામી છે. સાથે ગરબા પ્રેમી યુવાધન નવરાત્રી શરૂ થાય તે પહેલા ગરબાના નવા સ્ટેપ શીખવાની શરૂઆત કરી છે. પંચમહાલ જીલ્લા સહિત ગોધરા શહેરમાં શેરી ગરબા પુનઃ ધબકતા થયા છે. ત્યારે સોસાયટી, શેરીઓમાં ગરબાનું આયોજન કરતાં આયોજકો પણ ગરબા સ્થળોને આખરી ઓપ આપવામાં લાગ્યા છે.


# પાવાગઢ પ્રાથમિક શાળા ખાતે ગાંધી જયંતિ નિમિત્તે ગાંધી જીવન પદયાત્રાનો પ્રારંભ કરાયો



પાવાગઢ,

મહાદેવ દેસાઈ સમાજ સેવા સંકુલ, ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ તથા સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ જાંબુઘોડાના સંયુક્ત ઉપક્રમ પાવાગઢ મુકામે ''ગાંધી જયંતિ નિમિતે ગાંધી જીવન પદયાત્રા''નો પ્રારંભ તેમજ ઉદ્ઘાટન સમારંભ નિરંકારી મિશનના દાહોદ ઝોનના ઝોનલ ઈન્ચાર્જ ભુપેન્દ્રભાઈની વિશેષ ઉપસ્થિતિ પાવાગઢ પ્રાથમિક શાળામાં કરવામાં આવ્યો. જેમાં ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદના એમ.એ.પી.એચ.ડી.ના તથા સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ જાંબુઘોડાના વિદ્યાર્થીઓ તથા પ્રોફેસરઓ સહિત મહાકાલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓ, આચાર્ય, શિક્ષક સ્ટાફગણ સહિત હાજરી આપી હતી. ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ તા.૨૦મી સપ્ટેમ્બરના રોજ પાવાગઢ મુકામે આવી પહોંચ્યા હતા. આ પદયાત્રાનું ઉદઘાટનનો કાર્યક્રમ મહાકાળી માધ્યમિક ઉચ્ચ માધ્યમિક સ્કુલમાં રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભુપેન્દ્રભાઈએ કહયુ હતું કે ''બીજાના દુઃખની પીડા આપણને થાય ત્યારે જ આપણે સાચા માણસ છીએ એવુ કહેવાય. વિશેષમાં ડો. કનૈયાલાલ નાયક, ડો.મહેશભાઈ વર્મા, આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, જાંબુઘોડા તથા ડૉ.મુંજાલ ભીમડાદકર, ડૉ.જેનેમા કાદરી, ડૉ.ડેનિશ વિરણીયા, ડૉ.વિરેન્દ્ર જાદવ તેમજ મહાકાલી ઉચ્ચ માદયમિક શાળાના આચાર્ય જીતાંશુભાઈ તથા પાવાગઢ પ્રાથમિક શાળાના આચાર્યએ વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક વકતવ્ય આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન સતિષ પરમાર, આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, જાંબુઘોડા દ્વારા કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને ગામના આગેવાનોએ હાજર રહી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. પદયાત્રાનો પ્રારંભ પાવાગઢ, મોટાજેપુરા, જેપુરા, ઝાખરીયા, ગોકુળપુરાથી કર્યો હતો. હાલમાં પાવાગઢની આસપાસનાં વિવિધ ગામમાં પદયાત્રા ચાલી રહી છે.

# ગોધરા ભામૈયા જકાતનાકા થી પરવડી ચોકડી સુધીની સ્ટ્રીટ લાઈટનું ધારાસભ્ય દ્વારા લોકાર્પણ કરાયું



ગોધરા,

ગોધરા શહેરના સતનામ સાક્ષીના ગેટથી ભામૈયા જકાતનાકા સુધી સેન્ટ આર્નોલ્ડ સ્કુલ પાસે, ડી માર્ટ થી પરવડી ચોકડી, નંદનવન સોસાયટીથી કાઠિયાવાડી હોટલ ચાર રસ્તા,ગાયત્રી નગર ચોકડી બામરોલી રોડ સહિતનાં વિસ્તારોમાં લગાવવામાં આવેલી સ્ટ્રીટ લાઈટોનું ગોધરા ધારાસભ્યનાં હસ્તે તા.૨૬.૯.૨૦૨૨ નાં રોજ લોકાર્પણ કરવામાં આવશે.

ગોધરા શહેરના ભુરાવાવ વિસ્તારના સતનામ સાક્ષી નાં ગેટ થી લઈ ભામૈયા જકાતનાકા સુધી (અંદાજિત ખર્ચ રૂ.૯૦ લાખ), ડી માર્ટ થી પરવડી ચોકડી સુધી અને નંદનવન સોસાયટી થી કાઠિયાવાડી હોટલ ચાર રસ્તા વિસ્તાર સુધી (અંદાજિત ખર્ચ રૂ.૩૦ થી ૪૦ લાખ)નો માર્ગ સ્ટ્રીટ લાઈટો થી સજ્જ કરવામાં આવ્યા. ત્યારે છેલ્લા કેટલાય સમયથી અંધકારમાં રહેતા સ્થાનિક રહીશો અને વાહન ચાલકો માટેની સુવિધારૂપ આ લાઈટો લગાવવાથી ઉક્ત વિસ્તાર ઝાકમઝોળ થતાં સ્થાનિક રહીશોમાં ખુશી વ્યાપી જવા પામી છે. જેનું સ્ટ્રીટ લાઈટોનું લોકાર્પણ ગોધરા નાં ધારાસભ્ય સી.કે.રાઉલજીનાં હસ્તે તા.૨૬.૯.૨૦૨૨ નાં રોજ કરવામાં આવશે.

# ગોધરા તાલુકા વિકાસ અધિકારી દ્વારા જીતપૂરા ગ્રામ પંચાયતનો ચાર્જ ઉપસરપંચને સોંપવામાં આવ્યો

ગોધરા,

તાજેતરમાં જ ગોધરા એસીબી દ્વારા ગોધરા તાલુકાના જીતપૂરા ગામના સરપંચ સવિતાબેનને રૂ.૧૦ હજારની લાંચ લેતા ઝડપી પાડવામાં આવ્યા હતા.તેઓ સામે ગોધરા એસીબી પોલીસમથકે ગુનો નોંધવામાં આવ્યો હતો. ત્યારે ગોધરા તાલુકા વિકાસ અધિકારી દ્વારા સવિતાબેન પટેલને સરપંચ પદેથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને સરપંચ તરીકેનો ચાર્જ ચાર્જ ઉપ સરપંચને સુપરત કરવા હુકમ કર્યો હતો.ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૫૫(૨)(ખ) મુજબ ગ્રામ પંચાયત જીતપુરાના સરપંચનું પદ ખાલી થતા ઉપસરપંચને સરપંચનો ચાર્જ સુપરત કરવાનો થતો હોય ઉપસરપંચ અંજનાબેન રાકેશકુમાર પરમારને જીતપુરા ગ્રામ પંચાયત સરપંચની ફરજ મોકુફી સુધી અથવા તો આ બાબતે બીજો હોઈ હુકમ ન થાય ત્યાં સુધી જીતપુરા ગ્રામ પંચાયત કાર્યકારી સરપંચ તરીકે સત્તા, કાર્યો અને ફરજો બજાવવા હુકમ કર્યો હતો.

# શહેરાના નરસાણા ગામના લિસ્ટેડ પ્રોહી.બુટલેગરની પાસા ધારા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલાયો

ગોધરા,

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના નરસાણા ગામના લિસ્ટેડ પ્રોહી.બુટલેગર રાજેશ ઉર્ફે જીગો સોલંકી ની વિરૂદ્ધમાં શહેરા, કાકણપુર પોલીસ મથકમાં વિદેશી દારૂ પોતાના કબજામાં રાખવાનો તેમજ વેચવાનો અને હેરાફેરી કરવાના પ્રોહી ના કુલ–૩ ગુના દાખલ થયા હતા. ત્યારે આ ઈસમની પાસા દરખાસ્ત એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર જે.એન. પરમાર દ્વારા તૈયાર કરાવડાવી જિલ્લા મેજીસ્ટ્રેટ પંચમહાલ ગોધરા ને મોકલી આપતા પાસા દરખાસ્ત મંજૂર થતાં ઉપરોક્ત ઈસમને પાસા ધારા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપવામાં આવ્યો હતો.

# બી.ફાર્મસીકોલેજ, રામપુરા દ્વારા Asons Pharmaceuticals Pvt. Ltd. વેજલપુરમાં ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કરાયું

રામપુર,

નુતન એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત બી. ફાર્મસી કોલેજ, રામપુરા દ્વારા Asons Pharmaceuticals Pvt. Ltd. વેજલપુરમાં ૧૭મી સપ્ટેમબર, ૨૦૨૨ રોજ ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કરાયું હતું. જેમાં બીજા વર્ષ, બી.ફાર્મના ૪૭ જેટલા વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન Asons Pharmaceuticals Pvt. Ltd. ના સ્ટાફે અને એચઆર મેનેજર દીશા સોની એ વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રીમાં દવાઓની બનાવટ અને સ્ટોરેજ અંગેની માહિતી આપી હતી અને સાથે ઈન્ડસ્ટ્રીમાં કામ કરવા માટેની પ્રાથમિક જરૂરીયાતો વિશે પણ માહિતી આપી હતી. જેના માટે બી.ફાર્મસી કોલેજ, રામપુરા Asons Pharmaceuticals Pvt. Ltd. વેજલપુરનો આભાર મને છે.

# શહેરા તાલુકાના ડેમલી ગામે ૧૧ વર્ષીય બાળક કુવામાં પડી જતાં મોત

શહેરા,

શહેરા તાલુકાના ડેમલી ડામોર ફળીયામાં રહેતા ૧૧ વર્ષીય બાળક નિશાળે જતો હતો. તે દરમિયાન કુવામાં પડી જઈ ડુબી જતાં મોત નિપજાવા પામ્યું. પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના ડેમલી ડામોર ફળીયામાં રહેતા મમતાબેન જીવાભાઈ ડામોરનો પુત્ર નવદિપ જીવાભાઈ ડામોર ઉ.વ.૧૧ પોતાના ઘરે થી ૨૨ સપ્ટેમ્બરના રોજ નિશાળે જતો હતો. દરમિયાન રોડ સાઈડમાં આવેલ સરકારી કુવામાં પડી જતાં કુવાના પાણીમાં ડુબી જવાથી મોત નિપજાવા પામ્યું. આ બાબતે શહેરા પોલીસ મથકે એ મોતનો ગુનો નોંધાવા પામ્યો છે.

# પંચમહાલ જિલ્લામાં ૩૦ મું રાષ્ટ્રીય બાળવિજ્ઞાન પરિષદ ૨૦૨૨ કલરવ સ્કૂલ ગોધરા ખાતે યોજાયો




ગોધરા,

રાષ્ટ્રીય બાળવિજ્ઞાન પરિષદ–૨૦૨૨ અંતર્ગત પંચમહાલ જિલ્લાની કલરવ સ્કૂલ–ગોધરા ખાતે વિજ્ઞાન સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ઘોઘંબા તાલુકાની દુધાપુરા પ્રાથમિક શાળા શિક્ષક રાજેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સ્વાસ્થ્યલક્ષી જીવંત મોડલ બનાવીને માનવ શરીર પર તમાકું તથા તેની બનાવટોની થતી અસરો વિશે પ્રત્યક્ષ નિદર્શન કર્યું હતું.

હાલમાં સમાજમાં તમાકું તથા તેની બનાવટો અને ધુમ્રપાનનું વ્યસન પૂરજોશમાં ચાલી રહ્યુ છે અને તેના કારણે કેન્સર, ટીબી અને રોગોથી લોકો મોટાભાગે પીડાઈ રહ્યા છે અને પ્રતિદિન હજારો લોકોના મૃત્યુ થઈ રહ્યા છે. ત્યારે રાજેશભાઈ દ્વારા બનાવવામાં આવેલ મોડલ દ્વારા લોકોને પ્રત્યક્ષ સમજાવી શકાય છે અને તેઓએ અસંખ્ય લોકોને વ્યસન મુક્તિ તરફ વળ્યા છે. આ પ્રેઝન્ટેશનની રજૂઆત ધોરણ–૮માં ભણતા કૌશિકકુમાર પરમાર દ્વારા કરવામાં આવી હતી.